॥ ૐ ॥

મેહેતા મનહર ભજનમાળા.



મહેતા ચુનીલાલ મગનલાલ.

મુ. ડાકોર.

॥ ॐ हरि ॐ तत्सत् ॥

શ્રી પરબ્રહ્મ પરમાત્મને નમઃ



મેહેતા મનહર ભજનમાળા.

પ્રયોજક

મહેતા ચુનીલાલ મગનલાલ

મુ. ડાકોર.

:પ્રકાશક

ભગત કાશીભાઇ ગીરધરભાઈ.

મુ. જગડીઆ.

બીજી આવૃત્તિ પ્રત ૧૦૦૦

વિક્રમાર્ક ૧૯૮૪ માસ ભાદરવા સુદ દસમ વાર સોમ

તા. ૨૪-૯-૧૯૨૮

કીંમત મુફત-અમુલ્ય.

—: વાંચકને સુચના :—

મહાત્માશ્રી હરીરામની વાણી તથા મીરાંના મહારાજની વાણી બન્નેની ભેગી હાથે લખેલી મળી છે.

ગામ સંખેડાના સોની ભાઈજીભાઈને ઘેરથી એક ચોપડી મળી છે. આ ચોપડી લખનાર તરીકે ગામ ગજેરાના પંડયા રામશંકર, નરભેરામનું નામ છે અને તે સંવત ૧૯૨૭ના ભાદરવા સુદ બીજને સુકરવારે લખી છે.

બીજી એક ચોપડી ગામ તેલોદના પટેલ કહાનદાસ નરેરને ઘેરથી હાથે લખેલી મળી છે. આ ચોપડી સંવત ૧૯૩૨ ના ભાદરવા વદી ૧૧ ને ગુરૂવારે લખી છે.

ભાવસ્વામીનાં, ઉગમશ્રી માહારાજ રામદા માહારાજના તથા માધવદા માહારાજનાં પદો જે આ ચોપડીમાં છે તે ભગતોને મોઢેથી સાંભળીને છપાવેલાં છે.

દરેક પદ ઉપર જે રાગની કડીઓ મુકી છે તે પ્રયોજકે મુકી છે.

ઈશ્વર સ્તુતી.

ગુરૂબ્રહ્મા ગુરૂ વીશ્નું, ગુરૂદેવ મહેશ્વરા
ગુરૂ સાક્ષાત પરીબ્રહ્મ, તસ્મેત્ર શ્રીગુરૂવે નમઃ—૧
જ્ઞાન મુળં ગુરૂ મુર્તી, પુજા મુળં ગુરૂ ચરણ
મંત્ર મુળં ગુરૂ વાકય, મોક્ષ મુળં ગુરૂ કૃપા—૨
ગુરૂ ગોવીંદ દોઉ ખડે, કાકો લાગુ પાય
બલહારી ગુરૂ આપને, ગોવીંદ દીયા બતલાય—૩

---

(૧)

રાગ ધનાશ્રી.

સહાય કરો જગનાથ, અમોને સહાય કરો જગનાથ.
શીશ નમાવી, અરજ કરીએ (૨)
પાય પડી જોડી હાથ—અમોને સહાય— ૧
કામ આરંભીએ, આપ પ્રતાપે (૨)
પુર્ણ કરો તે નાથ—અમોને સાહય— ૨
દોષ આવે તે, નાથ નીવારી (૨)
ક્ષમા બક્ષો તમે આજે—અમોને સહાય— ૩
દાસ ચુનીલાલ આજે વદે છે (૨)
સર્વે મળી સંગાત—અમોને સહાય કરો જગનાથ— ૪

---

(૨)

ભાવ સ્વામીનું પદ.

દીવડોરે કરતાં દીપક ધરતાં, અજવાળાં મંદીરીયામાં
સત ક્રીયાનું કોડીયું. માંહી, મનની દીવેટો વાહાલા
ત્રીવીધીનાં પુર્યાં માંહી તેલ રે, મંદીરીયાંમાં
દીવડો રે કરતાં દીપક ધરતાં—૧
અમર દીવો એ તો, પ્રેમે પ્રગટ્યો રે વાહાલા
સમજણથી સન કોર્યો રે, મંદીરીયાંમાં
દીવડો રે કરતાં, દીપક ધરતાં—૨
નીજ નામ તો નીશ્ચે થયું, શાને સમજાયું વાહાલા
મટી ગયું માયાનું અંધારૂં રે, મંદીરીયામાં
દીવડો રે કરતાં, દીપક ધરતાં—૩
હરી ગુરૂ સાહેબને વહાંતો પુરા પરસ્યા રે વાહાલા
ભાવદાસ કહે આપે રહ્યા અખંડ રે, મંદીરીયાંમાં
દીવડો રે કરતાં દીપક ધરતાં, અજવાળાં મંદીરીયાંમાં—૪

---

(૩)

ભજન સ્તુતી.

શ્રી જગતે ગુરૂ વંદના કરૂં, આપની કૃપાથી પ્રભૂ
જગતથી તરૂં (૨)
ઘણા જન્મથી ગોથાં ખાતો, ગોવીંદ ઉંધે માથ

સ્વામી તમારે ચરણે આવ્યો, પામ્યો હું નીઃસાર
શ્રી જગતે ગુરૂ—૧
ભવસાગર તો ભર્યો, દુઃખનો મમતા નીર અપાર
મોટા મચ્છ મહી, કામ ક્રોધથી જબરૂં જોર અંહંકાર
શ્રી જગતે ગુરૂ—૨
ગુરૂ ચરણુસેં નાવ તરવાનું, ચલાવે રૂડા સંત
પલ એકમાં પાર ઉતારે, આણે ભવનો અંત
શ્રી જગતે ગુરૂ—૩
મોહ તજી ને માગુ સ્વામી, સદા ચરણમાં વાસ
આ અરજી તમે ચી-તે ધરજો, ગાવે અવરીદાસ
શ્રી જગતે ગુરૂ વંદના કરૂં, આપની કૃપાથી પ્રભૂ
જગ્તથી તરૂં—૪

---

(૪)

હરીરામના ભજન.

ધોળ

આજે મારા ઉરમાં તે આનંદ વાધ્યો રે,
ગુરૂ દયાથી સીધો રસ્તો લાધ્યો રે.
નામ વીનાની વસ્તુ તે મુજને લાધી રે,
સુરતી મારી અરધ ઉરધ પર વાધી રે.
સુન્ય સીખરની સેજે તે માહા સુખ પામી રે,
ગુરૂ કીરપાથી હીલડાની દુગધા વામી રે.

બાહેર ભીતર સરવેમાં વ્યાપક વાલો રે,
હરી વીનાનો ઠામ નથી કંઈ ઠાલો રે.
સેજે સેજે મલીઆ સચીતાનંદ સાંમી રે,
હરીદાસના દીલની દુગધા વામી રે.

(૫)

ધોળ.

સત ગુરૂ મલીયા છે મુજને હેલી રે,
સમજણ સાંન બતાવી મને છેલી રે.
સત ગુરૂ શબ્દે સમજણ મુજને આવી રે,
વાલે મારે કહયું મને સમજાવી રે.
વાલાજીને નીરખીને આનંદ પામી રે,
સેજે સેજે મલીઆ છે સત ગુરૂ સ્વામી રે.
દયા કરીને સેવક સરણે લીધો રે,
વાલે મારે મહા મંતર મને દીધો રે.
મળીઆ મુજને સચીદાનંદ ગુરૂ ભોમી રે,
દાસ હરીએ સાચી વસ્તુ સોધી રે.

(૬)

ધોળ.

મહા મંતર નામ નારાયણ લઈએ રે,
નારાયણના નામે તે નીરભે થઈએ રે.

અન ભે ઉગ્યો મટી ગયું અધારૂં રે,
નામ વીનાનું બીજું તે કંઈ ના નીહારૂં રે.
નારાયણુના નામમાં સુરતા લાગી રે,
આંટી છુટી ભવની ભાવટ ભાંગી રે.
ભાવટ ભાગી ભૂદર વરને ભેટી રે,
જગત વાસના મનની સરવે મેટી રે.
દાસ હરીએ ઓળખા છે અંતરજામી રે,
સત ગુરૂ મળીઆ સચીનાનંદ સાંમી રે.

---

(૭)

સાત વાર

ધોળ.

સખી સત ગુરૂજી મળીઆ આવી રે
વાલે કહયું મને સમજાવી—સખી સત ગુરૂજી
સોમવારે તે સમજણ આવી રે
મારી વરતી થીર કરી થાપી રે
વાલે જાળ જગતની કાપી—સખી સત ગુરૂ
મંગળવારે તે, મન થીર કીધુ રે, જ્ઞાનાનંદ ગુરૂજીએ દીધુ રે
મારૂં કારજ સરવે સીધુ—સખી સત ગુરૂજી
બુધે બુદ્ધી મારી સુધારી રે, મારા ઉરમા ઉમંગ વધારી રે
વાલો ખેલે છે પાસ હમારી રે—સખી સત ગુરૂજી

ગુરૂવારે મલ્યા ગુરૂ દેવા રે
મારો ટાળ્યો સહુ અહં મેવા રે
કરૂં ચરણ કમળની સેવા—સખી સત ગુરૂજી
સુકરવારે સત વસ્તુ આલી રે
મારી ભરમણા સરવે ટાળી રે
સીદ ભટકુ જગતમાં ખાલી—સખી સત ગુરૂજી
શનીવારે તો સાંન બતાવી રે
વાલે પ્રેમથી પાદરે આવી રે
દીન જાણી દયા દીલ લાવી—સખી સત ગુરૂજી
આદીતવારે આનંદ પામી રે
મને મલ્યા સચીતાનંદ સ્વામી રે
થયો **હરીદાસ** નામ અનાંમી—સખી સત ગુરૂજી.

(૯)
રાગ ધોળ.

સતગુરૂ સાહાય કરો એક વાર રે, મારો છે મુરખનો અવતાર રે
પત્થર કરતાં કઠણ હૈયુ છે મારૂં રે, તેની માંહી નામના ભેદુ તમારૂં રે
મારા રે મનની વાત છે વાંકી રે, સતગુરૂએ પત્થર કાઢયા ટાંકી રે
ટાંકીને મારગ મુગતા કીધા રે, તેમાં ગુરૂએ મંત્ર અનોપમ દીધા રે
આતમ જ્ઞાન વીના ઘર સુનું રે, સગપણ સોધો કંઈ જુનું રે.
લખ્યું છે વેદ પુરાણને પાને રે, ભીતર ભરમને ભટકો છો શાને રે.
એવી છે દાસ હરની વાણી રે, તેને તમે રૂદીયામાં લેજો જાણી રે.

(૯)

ધોળ.

(નવા શત્રુંજાડીઆના વાળંદ મોહનભાઇ કાશીભાઇ તરફથી મળેલું)

(રાગ—આટલો સંદેશો મારા સતગુરૂને કહેજો)

આટલો સંદેશો મારા સતગુરૂને કહેશો.
સેવકના અંતરની દીલ ધરશો.
શાન્તી દાતાર છો સત્ચીદાનંદ સ્વામી.
મનના મનોરથ પુરા કરશો—સંદેશો. ૨.
મનડું ભયંકર ત્રણ તાપે તપે છે.
શાંન્તી ગંગામાં કયારે નાહાશો—સંદેશો. ૩.
અમરત પર બેસી ઘડીમાં વીશ પર જાય છે.
સ્થીરતામાં વાસો કયારે થાશે.—સંદેશો ૪.
કોઇ કહે સંસ્કારે શરણું મલ્યું છે આપણું
કૃપા કરીને દોષો કાપો—સંદેશો. ૫.
કયારે વૈરાગ થાશે, નકકી જે નીર મળો.
દયા કરીને ઉત્તર દેશો—સંદેશો. ૬.
જે જે પ્રકારે પ્રભુ પ્રસંન્ન થાવ છો.
તે તે કેહેવાનું સરવે કહેજો—સંદેશો. ૭.
પાછા નવ પડીએ છેલ્લી ટોકે જઇ અડીએ.
જબરી હીમત એવી જોઇએ—સંદેશો. ૮.
કહે હરીદાસ હરી કૃપાથી પરીબ્રહ્મ સાથે ચીત પ્રોઇએ,
સંદેશો મારા સતગુરૂને કહેશો—૯.

(૧૦)

રાગ ધોળ.

સુણ ભાવદાસ, કહું સંત્યવાણી મટે સંસય રહદયમાં હયે જાણી-૧
પંચ ભુતનું પુતળું બનાવ્યું, જળ પૃથ્વી તેજ કહાવ્યું-૨
પવન આકાશ પાંચે જાણો, ચાર અંતઃકરણ પ્રમાણે-૩
મન બુદ્ધી ચીત અંહુંકાર, દસ ઈંદ્રીઓનો કહું વીસ્તાર-૪
ચક્ષુ કરણ ને જીભ્યા, ઘ્રાણ ત્વચા આદે જ્ઞાન ઈંદ્રીઓ જાણ-૫
હાથ પગ શીશ્નુ ગુહ્ય સાર, વાણીએ કર્મ ઈંદ્રી વીચાર-૬
એ છે પીંડ તણો વીસતાર, તેથી ન્યારો તે આત્મા ઘાટ-૭
દેહ હું છું ને મારો જે માને, ભવમાં ભટકે છે એજ અજ્ઞાને-૮
મને મળીઆ સદગુરૂ સ્વામી, સત્ચીદાનંદ અંતરજામી-૯
સતનામ નીશાન બતાવી, દેહ મીથ્યા છે એવું સમજાવી-૧૦
જેથી દેહ તો છુટયો રે ગર્વ, હર મય ભાસે છે રે સર્વ-૧૧
માટે દેહનો ગર્વ ના કીજે, પ્રેમભકતી અમૃત રસ પીજે-૧૨
જેથી જન્મ મરણ મટી જાય, નામ પ્રતાપે કાળના ખાય-૧૩
સત્ચીદાનંદ ગુરૂ પ્રતાપે, કહે હરીરામ આપોઆપ-૧૪

---

(૧૧)

રાગ કહેરો

(એવી રે સંતોને ઘેર ભકતી રે જોઈએ-એ રાગ)

સદગુરૂ મળીઆ ને સંસય ટળીઆ (૨)
જોયું કાયામાં તપાસી હો રે સાધુ-જોયું કાયા—૧

પંડ બ્રહ્માંડનો કર્યો નરવેડો—ભાઈ (૨) કર્યો
મટી ગઈ મનની ઉદાસી હોંસે સાધુ—મટી ગઈ—૨
અખંડ આનંદ અંતર પ્રગટયો—ભાઈ અંતર (૨)
સુરતાએ ઘર કર્યું ઠાવું હો રે સાધુ-સુરતાએ—૩
જન્મ મરણનો સંસય મટીઓ-ભાઈ—સંસય (૨)
ફેર યોનીમાં નહી આવું હો રે સાધુ-ફેર યોની—૪

ત્રીવીધ તાપની તપત બુઝાવી-ભાઈ તપત (૨)
મટાડયો જમરાનો દાવો હો રે સાધુ-મટાડયો—૫

સતનામ નીશ્ચે ગુરૂએ કરાવ્યું-ભાઈ ગુરૂએ (૨)
લીધો છે મનુષ્યાનો લાહાવો રે સાધુ-લીધો—૬

તન મન ધન સહ ગુરૂજીને ચરણે ભાઈ-ગુરૂજી (૨)
અરપ્યાં આંણી ઉમંગ હો રે સાધુ—૭

વીસય વાસના મનથી રે ત્યાગી-ભાઈ મનથી (૨)
ઈચ્છું છું સદા સતસંગ હો રે સાધુ-ઈચ્છું છું—૮

સદચીદાનંદ ગુરૂ મુજને મળીઆ-ભાઈ મુજને--(૨)
ઠરીને બેઠો છું ઠામ હો રે સાધુ-ઠરીને—૯

સદગુરૂ દેવે દયા કરી ત્યારે ભાઈ-દયા (૨)
સત સમજયો હરીરામ હો રે સાધુ-સત સમજયો
હરીરાંમ રે—૧૦

---

(૧૨)

રાગ કાફી.

સતનામ લીધું રે, ગુરૂ મલ્યા અવીન્યાસી
કામ મારૂં સીધ્યું રે, મટી ગઈ જમ ફાંસી—ટેક

સાખી-એક સતાંન્તર હરી નીરખ્યા સત ગુરૂને પરતાપ
ભીનભાવ સહુ દુર થયો છે. આપમાં હરી વ્યાપ
સાન સમજ્યો જ્યારે રે, મટી મનની ઉદાસી
સત નામ લીધું રે—૧

સાખી-જન્મ મરણનો રોગ મટી ગયો, ટળ્યા ત્રીવીધ તાપ
લક્ષ ચોરાસીના ફેરા ફેરા મટી ગયો સંતાપ
મોક્ષપદ પામ્યો રે, પ્રેમ ભકતી પરકાશી
સત નામ લીધું રે—૨

સાખી-અક્ષલકોટથી વસ્તુ લઇ આવ્યા સદગુરૂદેવ
દીન જાણીને દયા કરી છે, મન કૃમ વચને કરી સેવ
પોતાનો જાણીને રે, જ્ઞાન વાત કહી ખાસી
સત નામ લીધું રે—૩

સાખી-સચીદાનંદ સદગુરૂ હમારા, જેણે બક્ષ્યું સતનામ
દ્વૈત બુદ્ધી દુર કરી ત્યારે, ગુરૂ ચરણે હરીધામ
ન્યારા ભીતર નીરખીયા રે, અજ્ઞાન આવરણ ગયું નાસી
સતનામ લીધું રે ગુરૂ મલ્યા અવીન્યાસી—૪

(૧૩)

સંતો ચોમાસાની રુત રે રળીઆમણી—એ રાગ.

ભજન

સંતો અરધ ઉરધ ધરનારે, મેહેલમાં, વરસે અમૃતસાર
પ્રેમી જન હોય તે પ્રીતે પીવે, થાય ભવના પાર
સદગુરૂ સમૃથ સેવીઆ—૧

સંતો ઈંગલા પીંગલારે, બેઉ એક થઈ સુખમણાને ઘેર
અખંડ જ્યોત જળકી રહી થઈ લીલારે લહેર
સદગુરૂ સમૃથ સેવીઆ—૨

સંતો અજવાળું થયું જ્ઞાનનું, દીઠા આતમરામ
જન્મ મરણનોરે ભય મટયો, થયું પુરણ કામ
સદગુરૂ સમૃથ સેવીઆ—૩

સંતો સતનામ સઘળે, ઓળખ્યું, મન પામ્યું વીરામ
સદચીદાનંદ સ્વામી ભેટતાં, ગુરૂ ભેળા હરીરાંમ
સદગુરૂ સમૃથ સેવીઆ—૪

---

(૧૪)

આનંદકા ઘર અયા હમારે—એ રાગ.

સંત સમાગમ કરવો રે, મનવા સંત સમાગમ કરવો
ભીન ભાવ પર હરવો રે મનવા સંત સમાગમ કરવો—ટેક
સદચીદાનંદ ગુરૂ સુજનેરે મળીઆ, સંસે શોક સમાયો
સત નામની શાન બતાવી લીધો છે ભકતીનો લાહાવોરે
મનવા સંત સમાગમ—૧

પંચ તત્વનો પીંડ છે કાચો, તેનો નેહ પરહરવો
એક સતાંન્તર હરી બીરાજે, શબ્દ ગુરૂનો રૂદે ધરવો
રે મનવા સંત સમાગમ—૨
તન મન ધન સદગુરૂને સમરપી, નીરભે થઈને વીચરવો
ભક્ત ભગવંત ગુરૂ એક રૂપ જાણી, ભવસીંધુ સેજે તરવો
રે મનવા સંત સમાગમ—૩
સદગુરૂ સ્વામીની સેવા કરી લ્યો, મટી જાય જન્મ ને મરવો
સદચીદાનંદ ગુરૂ નામ પ્રતાપે, હરીરામ ચરણુ શીશ ધરવો
રે મનવા સંત સમાગમ કરવો—૪

---

(૧૫)

ભાવ સ્વામીનું પદ.

એવો પહેલો પીઆલો પહેલો પીઆલો મારે પ્રેમનો
સદગુરૂજીએ પાયો, સેજે ચડે ને સેજે ઉતરે
જઈ સોહુંગમાં સમાયો, પ્યાલો સદગુરૂ નામનો—
પીવે નર કોઈ પ્યાસી, ચેતન જાગ્યો આ ચીત્તમાં
રમતો અવીન્યાસી, પ્યાલો સદગુરૂ નામનો—૧
એવો બીજો પીઆલો બીજો પીઆલો, મારે સરવણે
સતનાંમ સુણાવ્યો, ગેબી નોબતો માંહી ગડગડે
એસો તંત બતાવ્યો, પ્યાલો સદગુરૂ નામનો
પીવે નર કોઈ પ્યાસી, ચેતન જાગ્યો —૨

એવી ત્રીજે મટી રે ત્રીજે મટી રે મારી તૃષ્ણા
ભૂખ ભવનીરે ભાગી, લેહેર ઉડે ગુરૂ જ્ઞાનની
તાળી તનમાંરે લાગી, પ્યાલો સદગુરૂ નામનો
પીવે નર કોઈ પ્યાસી, ચેતન જાગ્યો આ ચીત્તમાં—૩
એવો ચોથો પીઆલો, ચોથો પીઆલો મારા ચીત્તમાં
મારા નયણાંએ નીરખ્યો, જળહળ જ્યોતીમાંહી જળહળે.
માંહીલા પીયુંજીને પરખો, પ્યાલો સદગુરૂ નામનો
પીવે નર કોઈ પ્યાસી—૪
એવો પુરણ પીઆલો, પુરણ પીઆલો મારે પાંચમો
સદગુરૂજીએ પાયો, ભાવદા ગુરૂએ દયા કરી
પ્યાલો વીરદાએ ગાયો, પ્યાલો સદગુરૂ નામનો
પીવે નર કોઈ પ્યાસી, ચેતન જાગ્યો આ ચીત્તમાં
રમતો અવીન્યાશી, પ્યાલો સદગુરૂ નામનો—૫

---

(૧૬)

ઉગમશી મહારાજનું પદ.

ભજન

ગુરૂજી બીનારે મારો કોઈ નહી સંગાતીજી
મેં તો કીસ બીધ ઉતરૂં પારજી—ટેક
આવત જાવત કોઈ નહીં દેખેજી
હાંરે એહી તો બડા અચંબાજી
ગુરૂજી બીનારે મારો કોઇ નહી સંગાતીજી—૧

હાંરે ગુરૂજી મારા નાભી કમળથી શબ્દ ઉપડેજી
એ તો ગરજી રહયા ગગનજી
ચંદ્રમા સુરજ દોનું હુવા પ્રકાશાજી
મેં તો કીસ બીત ઉતરૂં પારજી ગુરૂજી બીનારે—૨
હાંરે ગુરૂજી મારો ગગન મંડળથી ઉલટી ગંગાજી
કોઈ મરજીવો રસ માંણેજી
ગુરૂજી બીનારે મારો કોઈ નહી સંગાતીજી—૩
હાંરે ગુરૂજી મારા સાત પાંચને પડછો દીધોજી
માંહેથી સંશય લીધો ઉઠાયજી ગુરૂજી બીનારે—૪
હાંરે ગુરૂજી મારા ચાર જુગ મારી સાથે રહેનાજી
હાંરે મારો જીવડો કરૂં રે કુરબાનજી
ભાવદા પ્રતાપે બોલ્યા ઉગમશીજી મારી
બેલડીને પાર ઉતારોજી—૫
ગુરૂજી બીનારે મારો કોઈ નહી સંગાતીજી
મેં તો કીસ બીધ ઉતરૂં પારજી.

---

(૧૭)

રામદાસ મહારાજનું પદ.

હરીભજન થકી છોટા હોય તે મોટા થાય છે.

ભજન

ઓ વેરાગી, તૃષ્ણા તો નવ ત્યાગી ને માયા લાગી
એને જાગી ભ્રમણા તો ના ભાગીને, ભીક્ષા માગી-ટેક

ચાલ—જેણે માબાપના, કર્યા ખોટા
ચોળી રાખોડી ને વાળ્યા લંગોટા
પીએ ગાંજો ભાંગ્યના ભરી લોટા—એ વેરાગી—૧
ચાલ—જે આળસુ હોય તે, બાવા થાશે
ઘેર ઘેર માગીને ખાશે.
પછી સીતા રામના ગુણ ગાશે—એ વેરાગી—૨
ચાલ—કોઇ મઠ મઢીયામાં જઈ રહેતા
પરણે કે સંજોગી કહેતા
કોઇ રાખે રાંમડી કે જાય વેહેતા—એ વેરાગી—૩
ચાલ—કોઇ ભોળા જનને ભોળવતા
ભંડારા કરાવે મન ગમતા
પછી માલ પુડાને દહી જમતા—એ વેરાગી—૪
ચાલ—કોઈ જાશે સત ગુરૂની પાશે
રાખ્ય વીસવાસ, મુકતી તરત થાશે
કહે રાંમદા સત નામ સમજાશે—એ વેરાગી—૫

(૧૮)

માંજરદારાનાં પદ

રેહેના સતગુરૂ કે હજુર, અચ્છા મેરી નજરોમે બેહેતાહે નુર
રેહેના સતગુરૂ કેરે હજુર—ટેક
કહયા સુન્યામાં વો નહી આતા, કયું દેખાતા દુર સાધુ (૨)

૧૮

આપ છોડકે આગે જાવે, કરણીમાં બહોત કસુર—૧

પાંચ રંગકા પેચ લગાયા, આપે રહયા ભરપુર સાધુ (૨)
તીન પેચમાં દેખે દેખાવે, મનવો ભયો રે સબુર
રેહેના સતગુરૂ કે હજુર—૨

આઠ પહોર માંહી પલમત પલકો, બાજત હે રણતુર સાધુ (૨)
કહે **માધવ** સત ભાવ પ્રતાપે, અમર હોવે જરૂર
રેહેના સતગુરૂ કેરે હજુર—૩

૧૯

ગુરૂ બીના કોણ જાણે મેરે મનકી
એહી સાખી હે અવીગતકી, ગુરૂ બીના કોણ—ટેક

મનકી જાણે તનકી જાણે, જાણે ઘટપર ઘટકી
પાપકી જાણે પુન્યકી જાણે, જાણત કરમ ભરમકી
ગુરૂ બીના—૧

આધ્યકી જાણે અંતકી જાણે, જાણત મધ માયાકી
રેન કી તો સબકી જાણે જાણત બાહેર ભીતરકી
ગુરૂ બીના—૨

દેદારમાં એક દરસન પાયા, મેહેર ભઇ મેહેરમજી
કહે **માધવ** સત ભાવ પ્રતાપે, આસા છોડીરે
જગતકી, ગુરૂ બીના કોણ જાણે—૩

---

(૨૦)

પરજીયાતો રાગ.

વાહ વાહરે તન ઘડીઆળ બની સારી
તન ઘડીઆળ બની સારી માંહી મેલી પંદરમી બારી રે
વાહ વાહરે તન—ટેક
ઓહીંગ સોહીંગ લગાયા બે કાંટા
એકવીસ હજાર છસો ફરે આંટા રે વાહરે વાહ તન—૧
મનરૂપી તે મોગરો લગાવ્યો
સતનો સોનેરી રંગ ચઢાવ્યો રે વાહ વાહરે તન—૨
શબ્દ રૂપી અછોડો રાખ્યો
અંદર કરણીનો કાચ કરી નાખ્યો રે વાહ વાહરે—૩
અંદર કરણીનો કરી મેલ્યો કાચ
પુરાં તત્વનાં પઈડાં ફરે પાંચ રે વાહ વાહરે—૪
એનો અજબ બનાવ્યો છે ખેલ
ત્રણ ગુણનું તો પુર્યું અંદર તેલ રે વાહ વાહ તન ઘડીઆળ—૫
નાભી કમળમાં સમાન તમામ
કંઠા કમળમાં બોલે આતમરામ રે વાહ વાહરે તન—૬
એને જ્ઞાન ગજવામાં રાખી
સુરત સુરત દોરી ગળામાં નાંખી રે વાહ વાહરે—૭
દુવા દસથી ઘડીઆળ મેલી ઉંચી
મારા સત ગુરૂની પાસ એની કુચીરે વાહ વાહ રે તન—૮
ગુરૂ ભાવદા મલ્યા છે ઘડીયાલી
દાસ માધવને ઘડીઆળ આલી રે
વાહ વાહરે તન ઘડીઆળ બની સારી—૯

—:ચુનીલાલનાં ભજનો:—

સદગુરૂ દેવકી જે.

ધોળ.

જીવ કાજે આવ્યા ગુરૂજી સાચાના બેલી—એ રાગ.

આજે ગુરૂજી મને સનમુખ મળીઆ
પુર્વે ભાગ્ય મારાં, ભળીઆં હો ગુરૂજી મારા
અંતરના બેલી—ટેક.

દુષ્ટો દુરીજન મારી નીંદા જે કરતા
ગુરૂ કૃપાએ રહયા, ડરતા હો ગુરૂજી મારા અંતરના બેલી—૧
સતગુરૂ સ્વામીએ, સહાય કીધી મારી
નુગરાં રહયાં છે જંખ, મારી હો ગુરૂજી મારા—૨
મન રે મંદીરીઆમાં મુકામ કીધો
દરસનનો લાભ સરવે, લીધો હો ગુરૂજી મારા અંતરના—૩
હૈયામાં હરખી લીધા, નેણાંમાં નરખી
પરાપારથી લીધા, પરખી હો ગુરૂજી મારા અંતરના બેલી—૪
જન્મ મરણનાં દુઃખને કાપો
શાંન્ત થયા છે ત્રીવીધ, તાપો હો ગુરૂજી મારા અંતરના—૫
ભાવ ભરોસો છે, અંતરજામી
દાસ ચુનીલાલના, સાચા છો સ્વામી
ગુરૂજી મારા અંતરના બેલી—૬

(૨)

ધોળ.

હરીગુરૂ સંત પધાર્યા રે, લ્યો દરસન લાવો
હરી જનના હર્ખ વધાર્યા રે, લ્યો દરસન લાવો—ટેક
હરીજન ચાલો સમૈયું રે કરવા
ભાવ ચરણ ચીત્ત ધરવા રે, લ્યો દરસન લાવો—૧
પ્રાણ આધાર પ્રભૂજીને જોયા
જોતામાં મનડાં મોહ્યાં રે, લ્યો દરસન લાવો—૨
અબીલ ગુલાલ તો હરખે ઉરાડો
પ્રેમે પાલખીમાં પધરાવો રે, લ્યો દરસન લાવો—૩
તાલ મૃદંગ વેણુ જંત્ર વાગે
ક્રીસ્તાલની ધુન્ય ગાજે રે, લ્યો દરસન લાવો—૪
ખંજરી તંબુરો ઢોલક વાજે
નોબત નગરાં ગાજે રે, લ્યો દરસન લાવો—૫
અક્ષત પુષ્પ જેને જે ફાવે
હરીજન મોતીડે વધાવે રે, લ્યો દરસન લાવો—૬
નેજાં નીશાન ને રણસીંગાં ભેરી
શંખ સરણાઈ વાગે ઘેરી રે, લ્યો દરસન લાવો—૭
વરઘોડા સાથે મંડપમાં આવ્યા
પ્રેમી જનને મન ભાવ્યાં રે, લ્યો દરસન લાવો—૮

કંકુ કેસરમાં અક્ષત મીલાવી
સીંદુ રે ઓકળી પડાવી રે, લ્યો દરસન લાવો—૯
ગાદી રે તકીઆ સીંહાસન શોભે
ગલીચા જોઈ મન લોભે રે, લ્યો દરસન લાવો—૧૦
સંત સભામાં પુજાઓ થાય
હારતોરા અરપાય રે, લ્યો દરસન લાવો—૧૧
દુધ સાકરથી પકવાન બનાવ્યાં
છપ્પન ભોગ ધરાવ્યા રે, લ્યો દરસન લાવો—૧૨
ચો મુખ દીવડો ને સોનાની થાળી
સંતોની આરતી ઉતારી રે, લ્યો દરસન લાવો—૧૩
જળ જુમનાંની ઝારી રે લાવું
સંતોને આચમન કરાવું રે, લ્યો દરસન લાવો—૧૪
પાનની બીડીમાં લવીંગ સોપારી
એલચી જાયફળ માંહી ધારી રે, લ્યો દરસન લાવો—૧૫
મુખવાસ કરવાને આગળ ધરીયું
સંત તે મુખવસ કરીયું રે, લ્યો દરસન લાવો—૧૬
આનદ મંગળ સખીઓરે ગાય
હૈયે હરખ ના માય રે, લ્યો દરસન લાવો—૧૭
સંતને જોઇ મન ઉપન્યું રે વાહાલ
સનમુખ રહે ચુનીલાલ રે, લ્યો દરસન લાવો—૧૮

(૩)

ધોળ

સત ગુરૂ દેવને કરૂં વીનતી,
વારંમવાર કરૂં પ્રણામ-ઘનશામ-સત ગુરૂ દેવને કરૂં વીનતી- ટેક
તનમન ધન જાણી ગુરૂ દેવને,
માન્યું શરણુ તજી અહુંમામ--ઘનશામ--સમ ગુરૂદેવ—૧
ભવ સીંધુમાં ખાતાં ડુબકાં
નીજજન જાણી લ્યો સંભાળ—ઘનશામ સતગુરૂ—૨
બળતાં ત્રીવીધા અગ્ની તાપથી
ફસ્યાં મીથ્યા જગ જંજાળ—ઘનશામ સતગુરૂ—૩
છાયા માયા કાયા મહેલમાં
અંધારે ભરમાવે ભૂત—ઘનશામ સતગુરૂ—૪
ચીત્રામણ પટજીવ ભ્રમણા ભરી
દ્વૈત સ્વપ્નનું દરસન તુત —ઘનશામ સતગુરૂ—૫
સંત સ્વરૂપે જાગ્રતી આપજો
રોમ રોમ રમજો આત્મારામ—ઘનશામ સતગુરૂ—૬
અવીચળ અંતર ગૃહ દીપાવજો
અદ્વૈત શાંન્તી સુખનું ધામ—ઘનશામ સતગુરૂ—૭
જન્મ મરણનું સંકટ કાપજો
પાજો પ્રેમા મૃત પયપાન—ઘનશામ સતગુરૂ—૮

પ્રાણજીવન વીણુ ભ્રાંન્તી ન ભાગશે
પતીના પતીરૂપે દયો જ્ઞાન—ઘનશામ સતગુરૂ—૯
સતસંગ થાતાં નીસંગ જાણીએ
દરસન દુઃખ હર દીનદયાળ—ઘનશામ સતગુરૂ—૧૦
સગુણને સેવે નીરગુણ પામીએ
અદભૂત યોગે થાતાં ન્યાલ—ઘનશામ સતગુરૂ—૧૧
કીટ ભ્રમર વત આનંદ ઉપજે
ધરતાં મુકત ચરણનું ધ્યાન—ઘનશામ સતગુરૂ—૧૨
પુરણાનંદ સ્વરૂપ ગણનાથજી
ચુનીલાલ ગાએ ગુરૂજીનું જ્ઞાન—ઘનશામ—૧૩

---

(૪)

ધોળ

સુરતા લાગી છે જેની ભ્રમણાઓ ભાગી—એ રાગ.

આજે આનંદનો દહાડો મારે આંગણીએ
આનંદનો વાયુ આજે વાયરે હરીજન આવો
મારે આંગણીએ—૧
હરખે ભરાંણી હું તો હાંસે ભરાંણી
સત સંગનો લાહાવો આજે લઈશું હરીજન
આવો મારે આંગણીએ—૨
ગુરૂએ અમને તો ખુબ ભણાવ્યા.
સેવાના પાઠ પઢાવ્યા હરીજન આવો—૩

ગુરૂ ગોત્યા છે હમે ગુણુના ભરેલા
અવગુણુનો નહી છાંટો હરીજન આવો—૪
ગુરૂ હમારા છે વીવેકી ધરમી
અમૃતના જેવી મીઠી વાણીરે હરીજન
આવો મારે આંગણીએ—૫
શીશ ગુરૂની રૂડી જોડી મળી છે
સુખ દુઃખમાં છે બન્ને, સાથે હરીજન
આવો મારે આંગણીએ—૬
ડાકોર ગામના છે, મગનલાલ મહેતા
તેના પુત્ર આ કેહેતા હરીજન આવો—૭
ગુરૂના દેશમાં સઉ રહેજો મથી
ચુનીલાલ કહે છે એમ કથી હરીજન
આવો મારે આંગણીએ—૮

---

(૫)

રાગ ધોળ

સતગુરૂ સાહાય કરો એક વાર રે—એ રાગ.

ભાવ ગુરૂ મળીયા છે અંતર જામી રે
હરી ગુરૂ સંતનાં દરશન પામી રે—૧
ગુરૂજીને લળી લળી પાયે લાગુ રે
ગુરૂજીની પ્રેમ પ્રસાદી માગુ રે—૨

ગુરૂજીએ મસ્તક મુકયો હાથ રે
દયા કરીને ભેટાડયા દીનાનાથ રે—૩
માયા જીવથી ઉગાર્યો, મારે વાલે રે
ગુરૂજીનું હેત હૃદયમાં સાલે રે—૪
ઘડી પલક નવ ગુરૂનું નામ વીસારૂં રે
વીષય સુખડુ લાગે છે મુજને ખારૂં રે—૫
બાહેર ભીતર નામ વીના નવ દેખું રે
સખી એના નામ તણું નથી લેખું રે—૬
અલખ નીરંજન મન મંદીરમાં માલે રે
આનંદ મંગળ ગાયા છે **ચુનીલાલે** રે—૭

---

(૬)

ગરબી

સખી પડવાની પડ પ્રીત ઘટમટ ભૂલી રે—એ રાગ

સખી હરી મળવાને કાજ, ચાલો જઈએ રે
હવે ભાવ ગુરૂ સંગાત, નીશદીન રહીએ રે—૧
સખી નીર વૃત્તીથી ધ્યાન, ગુરૂનું ધરીએ રે
મન તરંગ કેરા વહેમ, સહુ પર હરીએ રે—૨
સખી આઠે પહોર આનંદ, નાથને નરખે રે
થાય ચીત અચીત તે વાર, પુરણ પદ પરખે રે—૩

સખી તે વીના મેહેનત જાય, સર્વે અલેખે રે
બીજાં સાધન સર્વ અસાર, હરીને ના દેખે રે—૪
સખી બાહેર ભટકે કાંઈ, હાથ ન આવે રે
જે અંતર ખોજે આપ, તે નર પાવે રે—૫
સખી દીલ દરીઆની માંહી, ડુબકી મારો રે
ત્યાં હીરલો લાગે હાથ, નીશ્ચે ધારો રે—૬
સખી સુન્યમાં ઝળકે નુર, નીશાન ફરકે રે
ત્યાં સુરતા ધરતી ધ્યાન, મનડું હરખે રે—૭
સખી ઉલટી સુરતા નાર, નીજ ઘેર આવે રે
ગુરૂ મેહેર લેહેરની માંય, મહા સુખ પાવે રે—૮
સખી માટે સમજી માંની, પાછા વરીએ રે
ત્યાં પ્રેમ લેહેરની સાથ, ડગલાં ભરીએ રે—૯
સખી ગુરૂ ગમ જ્ઞાની હોય, તે નર પુરા રે
તે વીનાના બીજા જન, સરવે અધુરા રે—૧૦
સખી આત્મા ઈશ્વર એક, અભેદ જાણે રે
તે મોક્ષ ધામની માંહી, માંજો માંણે રે—૧૧
સખી અજ્ઞાની આ વાતને, શું જાણે રે
તે તો માથું કુટે મૂઢ, પથ્થર પાંણે રે—૧૨
સખી દરીઆમાં મચ્છ એમ, આતમ જ્ઞાની રે
જેમાં આત્મજ્ઞાન નવ હોય, તે અભીમાની રે—૧૩

સખી પ્રેમી ભક્ત જે હોય, તે સુણી હરખે રે
સખી જ્ઞાની એનો ભેદ, મનમાં પરખે રે—૧૪
સખી ચુનીલાલ કહે વાત, સાચી માંનો રે
મારો હરી વસે મુજ માંહી, રેહે છે છાંનો રે—૧૫

---

(૭)

રાગ ઉપરનો

ગુરૂ પ્રીતે કરૂં પરમાણુ, હે તમને રે
મારૂં પુરણ કીધું કામ, દયા કરી હમને રે—ટેક
ગુરૂવારે ગુરૂને ઘેર, જાવું મારે રે
જયાં વરસે અમૃત સેર અખંડ ધારે રે—૧
સુકરે સમજણુ સાર, ગુરૂની લેવી રે
તેમાં ના કરવી વાર, હ્યો સંત સેવી રે—૨
શનીએ સુરતા જોડ ગુરૂની સંગે રે
તેમાં નહી ખાંપણુને ખોડ, માન ઉમંગે રે—૩
રવી ઉગ્યો ને અંધકાર, આપે નાસે રે
સત નામ તણો આધાર, પ્રેમ પ્રકાશે રે—૪
સોમે સત મત ખેલ, અજબ તમાસો રે
ત્યાં થાશે રંગની રેલ, હરીમાં સમાસો રે—૫

મંગળ મુરતી જાણુ, હરી ગુરૂ જેવા રે
છે ભાવ ભકતી પ્રમાણુ, અમીરસ મેવા રે—૬
બુધે બુદ્ધીમાન, એ રસ પીસે રે
છે વેદ વચન નીરવાણુ, અમર દીસે રે—૭
સાતે વારની રીત, સમજી ગાવે રે
કહે ચુનીલાલ કર પ્રીત, હરી ગુરૂ ભાવે રે—૮

---

(૮)

ગરબી

હરી ભજીએ તો આવે સુખની લેહેર જો—એ રાગ.

મનશા દેહ પામ્યો રે, મોંઘા મુલની
કોડી સાટે તેને ગુમાવે ગમાર જો
ભજન કરો તો સફળ જનમ તારો થશે
હરી ભજે તે કદી ના પામે હાર જો
સમરણ કરીએ, સાચા સતગુરૂ દેવનું—૧
એક ઘડી કે અડધી ઘડી કે પા ઘડી
સત સંગ કરતાં અસે સુખને પામે જો
અખંડ સમરણ કરનાં દુઃખ કંઈ ના પડે
જન્મ મરણનું દુઃખડું તે તો વામે જો સમરણ—૨
ફરી ફરીને અવસર આવો નહી મળે
મુનશા દેહીને, દેવ સરીખા ચાહાય જો

એવો મોંઘો મુનશા દેહ તુજને મલ્યો
ભજન વીના નો, જનમ અકારત જાય જો સમરણ—૩
ક્યાંથી આવ્યો, ક્યાં જવું છે તાહરે
ગુરૂ વીના ને જડે નહી સત ઠામજો
માટે મનને વાળો ગુરૂના ચરણમાં
ગુરૂ કૃપાએ ભેટે સુંદીર સ્યામ જો સમરણ—૪
આજ કાલ કરતાં આયુષ તારો વહી જશે
મધમાખી પેઠે, ઘસવા પડશે હાથ જો
સમય ગએથી પસ્તાવો પુરો થશે
માટે નયણે નરખી લેવા નાથ જો સમરણ—૫

નુગરા જનનો સંઘ કદી નવ કીજીએ
નુગરા કરે છે નીંદાનો વેપાર જો
સત અસતને સમજે નહી જે બાપડા
નીંદાખોરને ખાવો પડે છે મારજો
સમરણ કરીએ સાચા સત ગુરૂ દેવનું સમરણ—૬

અધમ મનુષ તે નુગરા જન છે, ઓળખો
સમજે નહીને ખોટાં કરે છે કર્મ જો
કર્મ ચંડાળ તેથી તેને જાણવો
ગુરૂ વીનાના સમજે નહીં સત ધર્મ જો
સમરણ કરીએ, સાચા સત ગુરૂ દેવનું—૭

માટે સરવે મમુક્ષુ થઈને વરતજો
સંત સમાગમ કરવો વારંમવાર જો
સઠ સુધરે સત સંગતના પરતાપથી
તુલસીદાસજી કહે છે કરી પોકાર જો સમરણુ—૮
સત સંગતનું સુખ તે તમને શું કહુ
અંતર માંહી ઉપજે ઝાઝુ વાહાલ જો
હરીજન હરીના સઘળા છે તે ઓળખો
સત સમજાવવા કહે છે **ચુનીલાલ** જો
સમરણુ કરીએ, સાચા સત ગુરૂ દેવનું—૯

---

(૯)
ગરબી.

રઘુપતી રામ રૂદેમાં રહેજો રે—એ રાગ

સમાગમ સંતનો કરો ભાવે રે
ફેર અવસર આવો ના આવે સમાગમ—ટેક
સંત સનમુખ ચાલો વીર રે, સેવા કારણુ સોંપો શરીર રે
ભક્તી ભાવે નમાવો શીર—સમાગમ. ૧
સંત સેવાનું ફળ છે અપાર રે, જેણે સેવ્યા તે પામ્યા સાર રે
અભે સુખ તણા છે દાતાર—સમાગમ. ૨
લવ સત સંગ વશીષ્ટે કીધો રે, વીશ્વામીત્રે સામોવાદ લીધો રે
વાદ્યો સત સંત મારગ સીધો—સમાગમ. ૩

સંત સંગતથી સુખ આપે રે, દુઃખ જન્મ મરણનું કાપે રે
સત્ય સ્થીરતા પદમાં સ્થાપે—સમાગમ. ૪
સંત ચરણે તીરથ સૌ થાય રે, એમ અગમ નીગમ જશ ગાય રે
પ્રેમ ભકતીથી મોક્ષ પમાય—સમાગમ. ૫
પારસ સંગથી પારસ થાય રે, ચંદન સંગે ચંદન કહેવાય રે
દાસ ચુનીલાલ ગુરૂમાં સમાય—સમાગમ. ૬

---

(૧૦)

ધોળ

ગરૂડ ચઢી આવજો ગીરધારી—એ રાગ.

શરણે પડયો દાસને લ્યોને તારી,
વારે ધાજો દેવ મોરારી. ટેક.
જે કોઇ સત ગુરૂ વચને વળશે,
તેને પળમાં એ સુખ મળશે, જનમ મરણનું સકટ ટળશે.
શરણ. ૧
ગુરૂ સેવા જો ભાવથી થાય, રામ કૃષ્ણના ગુણલા ગવાય,
સાચો ભકત તો તેજ કહેવાય—શરણ. ૨
ધનભાગ્ય સતગુરૂ મળીયા, તાપ ત્રિવીધીના ટળીયા,
રામનામ ભજનમાં ભળીયા—શરણ. ૩
કરવી ભકિતથી ભવ દુઃખ જાય, મહા પાપી તે પાવન થાય,
સતસંગ ગંગામાં નહાય—શરણ. ૪

ભવસાગર તરવા સારૂ, મન તલપી રહ્યું છે રે મારૂં,
તેથી શરણું લીધું તમારૂં—શરણ. ૫
ગુરૂ નામને નાવે ચઢાવો, થઈ ખેવટ પાર લગાવો,
એટલી અરજી ઉરમાં લાવો—શરણ. ૬
મહેતા ચુનીલાલ ડ.કોરવાસી, સ્વામી આપને હું છું દાસી,
ગુરૂ ચરણે ગંગા કોટી કાશી—શરણ.

---

(૧૧)
રાગ ધોળ.

ગરૂડ ચઢી આવજો ગીરધારી-એ રાગ

અરજ મારી ઉરમાં ધરો વહાલા,
જાણ્યા જશોદાજીના લાલા—ટેક.
હું છું ચરણ કમળનો રે દાસ, મને એક તમારો વીસવાસ,
માટે પુરણ કરવી આશ—અરજ. ૧
મારા રૂદે કમળમાંહી રહેજો, ગુણ દોષ ક્ષમા કરી દેજો,
ચરણે પોતાનો જાણીને લેજો—અરજ. ૨
ભકિત ભાવે હરી ગુરૂ ભેટયા, તાપ ત્રિવીધીના સૌ મેટયા,
દાસ જાણી ના રહેશો છેટા—અરજ, ૩
માયા તમારી છે બળવાન, ભલા ભલાનું ભુલાવે ભાન,
માટે મુજને દો ભકિત દાન—અરજ. ૪
ભકિત કરતાં ભવ દુઃખ જાય, રામ કદમનું સુમરણ થાય,
દાસ ચુનીલાલ એ જશ ગાય—અરજ.

(૧૨)

ગરબી.

આવો આવો હરીજન ભાવે, ભજનથી ભવ તરીએ.
કોઇ લો ઢોલક કોઇ તંબુરો, કોઇ કીડતાલ ખુબ બજાવો–ભજન.-૧
કોઇ ખંજરી કોઇ મંજીરાં બાંધો, કોઇ નરઘાંનો તાલ મીલાવો–૨
કોઈ પાટલી કોઇ ડાબડી બજાવો, કોઈ હરખભેર હરીગુણ ગાવો–૩
સરવે હરીજન એક રૂપ થઇને, લઇએ મનુસાનો લાવો–ભજન. ૪
ચુનીલાલ મેહેતા કહે છે પોકાર કરી, ભજનની ધુમ મચાવો–૫

---

(૧૩)

ગરબી.

સાંનમાં સાંનમાં સાંનમાં રે, મને ગુરૂએ સમજાવ્યું સાંનમાં
ચોરારે જારીને જુઠ અવીદ્યા તે, કદી ના લેતો ધ્યાનમાં રે મને–૧
સત્ય રે બોલવું ને સત્ય રે ચાલવું, અસત્ય ના લેઉં બેભાનમાંરે.૨
કાચી આ કાયાને માટીની માયારે, એવું કહ્યું મારા કાનમારે મને.૩
અખીલ બ્રહ્માંડમાં સત્ય છે સાચું રે, જુઠું વસે છે નાદાનમાંરે. ૪
નામનો પ્રભાવ સમજાવ્યો જ્યારે રે, સુરતા ખેલે છે મેદાનમાંરે.૫
શબ્દ સતગુરૂનો હીરદે વસ્યો છે રે, તેથી ફરૂં છું ગુલતાનમાંરે.૬
ચુનીલાલ મ્હેતા કહે સંતને સેવારે, ફરો નહીં અભીમાનમાંરે.૭

(૧૪)

ગરબી.

રંગ લાગ્યો રંગ લાગ્યો, ભજનનો રંગ લાગ્યો રે.

કર્મ કાળક સૌ નીકળી ગઈને, અનુભવ અખંડ જાગ્યો—ભજન ૧

આઠે પહોર નેહે નામની સંગાતે ગુરૂનો શબ્દ રૂદે વાગ્યો—ભજન ૨

સાધુની સંગત ગુરૂજીની સેવા, એવા અવસર મેં માગ્યો-ભજન ૩

આશા ને ત્રષ્ણા ને માયાનું આવરણ, અભીમાન અંતરથી ત્યાગ્યો-૪

હરી ગુરૂ સંતનો ભાવ ભરૂંસો, મનડાને મીઠો લાગ્યો-ભજન ૫

સતગુરૂ દેવનું નામ છે વહાલું, ચુનીલાલ જપવા લાગ્યો-ભજન ૬

---

(૧૫)

રાગ ગરબી

(વનમાં પણ માયા વળગે રે સુખ રહ્યું છે સમજણમાં)

ગુરૂ દરશનથી દુઃખ કાપે છે, આવોને દરશન કરવાને.

ચરણ કમળની ભકતી આપે છે આ-ગુરૂ સ્થીરતા પદમાં થાપે છે આ.

ભકત નામની છાપો છાપે છે આ.-ગુરૂનો સેવક થઈને આવે છે આ.

તેને નામને નાવે ચઢાવે છે આ.-ગુરૂ અખંડ લાડ લડાવે છે આ.

એઠા હીરદે ઘાટ ઘડાવે છે આ.-ખટ રીપુને મારી હઠાવે છે આ.

પ્રેમભકતી રૂદેમાં ઠસાવે છે આ.-પંચ વિષયથી મનને બચાવે છે આ.

ચુનીલાલ ગુરૂ જશ ગાવે છે, આવોને દરશન કરવાને.

---

(૧૬)

ગરબી.

સખી સાંભળને કહું શાણી રે, સુખ લીયોને સંભાળી.
સેવો ગુરૂને સમર્થ જાણીરે. સુ.—લેવો મનુષ્યા તે દેહીનો લાવોરે. સુ.
ખુબ આનંદથી કીરતન ગાવોરે. સુ.—દુઃખ જન્મ મરણનું જાશે રે.સુ.
ગુરૂ સેવાથી બ્રહ્મ સુખ થાશેરે.સુ.—હોય મનના વીકાર તે ત્યાગો રે. સુ.
સંત સંગતીને ભકિત માગોરે. સુ.—ગુરૂ શબ્દનો કરવો વિચાર રે. સુ.
નામ નીરખો ને બાવન બહારરે.સુ.—પછી જમડાનું જોર નવચાલેરે.સુ.
જ્યારે સતગુરૂ બાંહ્યડી ઝાલેરે. સુ.—દાસ ચુનીલાલ જાણો તમારા રે.
ભવ સીંધુમાં બુડતો તારો રે, સુખ લીયોને સંભાળી.

---

(૧૭)

ગરબી.

ગુરૂ આવ્યા છે મારે ઘેરરે, સુખ શું કહેવાનું
મારે થઇછે તો લીલા લહેરરે સુ.—ગુરૂને ચરણે નમી નમી ભેટું રે.
વારંવાર ચરણામાં લેટું રે. સુ.—શુભ આસન પર પધરાવું રે. સુ.
ચરણ ધોઇ ચરણામૃત લેવું રે સુ.—ગુરૂ કૃપા પ્રસાદી પામું રે.
દુઃખ જન્મ મરણનું વામું રે. સુ.—સૌ હરીજન મંડળી આવીરે.સુ.
ગાય ભજન તાલ મીલાવીરે. સુ.—થઇ આજે આનંદની હેલીરે. સુ.
ગુરૂ નોધારાના છો બેલીરે. સુ.-સૌ. સેવકનો સંસે હરીયોરે. સુ.
દાસ ચુનીલાલના શીર હાથ ધરીયોરે, સુખ શું કહેવાનું.

---

(૧૮)

ગરબી.

મને ભજનનો રંગ લાગ્યો રે, ગાવા ગીરધારી.
સુતો મોહ નીંદ્રાથી જાગ્યોરે. ગા.–વાલે મધુરી તે મોરલી વગાડીરે.ગા.
મને દરશનની લગની લગાડીરે. ગા.–મને ભુખે ભોજન ના ભાવેરે.ગા.
સેજડીએ નીંદ્રા ન આવેરે. ગા.–વાલો જોવા બની છું ઘેલીરે. ગા.
જો આવે તો ચાલ સખી વે'લીરે. ગા.–મારા મનને ધીરજ ન રે'તીરે.
આ વારતા ના કોઈને કહેતીરે. ગા –મારૂં મન તો વા'લામાં જડીયુંરે.
આલી ખોખું આ કાયાનું પડીયુંરે. ગા.–ચાલ સખી વહેલી વહેલીરે.
ત્યાં થઇ છે આનંદની હેલીરે. ગા.–હરી ગુરૂને ભાવ કરી ભેટુંરે. ગા.
સ્વામી સેવકને ના હોય છેટુંરે. ગા.–અરસપરસનો આનંદ થાયરે.ગા.
દાસ ચુનીલાલ ચીતમાં ચાય રે, ગાવા ગીરધારી.

---

(૧૯)

ગરબી

હાલો હાલો હરીજન હાલોરે, દરશન કરવાને.
સૌ ભેગા થઈને સુખ મહાલોરે. દ.–ગુરૂ દરશનથી દુઃખડું કાપેરે. દ.
મહા પદની તે મોટમ આપેરે. દ –મને વાગ્યાં છે પ્રેમનાં બાણરે. દ.
પીડા બીજું તે જાણે કોણરે. દ.–જેને વાગ્યા રે હોય તે જાણેરે. દ.
મળે દરશન તો મોજ ખુબ માણેરે. દ.–ધ્રુવને વાગ્યાંછે બાળા વેશરે.

આપ્યો નારદજીએ ઉપદેશરે દ.—જુઓ પ્રહલાદને લાગી તારીરે. દ.
હીર્ણાકસ્યપને નાખ્યો મારીરે. દ.—એવા હરી ગુરૂ સંત સુખકારીરે.દ.
ચુનીલાલની જીંદગી સુધારી રે, દરશન કરવાને.

---

(૨૦)

ગરબી

સુણો રામ રાધે વેણા જંતર વાગે—એ રાગ

ગુરૂ શીર ગાજે રે ગુરૂ શીર ગાજે
હરીજન સાચા હોય-ગુરૂ શીર ગાજે—ટેક
નીતી માંહે નીત્ય વરતે, અનીતીથી લાજે
સત ગુરૂની નીંદા સુણી-એનુ દીલ દાજે-હરીજન —૧
ભજન માંહી ભાવે આવે, સંત જયાં બીરાજે
પછીથી જઈ પાસે બેસે, સંત સેવા કાજે —હરીજન—૨
પરમારથમાં પહેલ કરી, ધર્મ માર્ગે ધાજે
મીથ્યા લવરી છોડી મુકી, જ્ઞાન ગંગ નાહાજે-હરીજન— ૩
સદગુરૂની સાંને સમજી, સતમાં સમાજે
પુરા ગુરૂની એ નીશાની, નીરભે નોબત વાજે-હરીજન—૪
માટે સાચા સદગુરૂ સેવી, હરીજન થાજે
ભાવ ભજનમાં રહી ચુનીલાલ ગુણ ગુરૂના ગાજે
હરીજન સાચા હોય, ગુરૂ શીર ગાજે—૫

---

(૨૧)

ગરબી.

હાંસે ભર્યાં અમે 'આવીયાં રે મારે વાલે—એ રાગ.

હરખ ભર્યાં અમે આવીયાં, મારા ભાવ ગુરૂની પાસ રે
આવ્યાં હરખે ભર્યાં—ટેક

ગાદીએ ગુરૂજી બીરાજીયા રે, કોટી ભાનું પરકાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૧

દર્શન થતાંમાં દુઃખ ભાગીયાં રે, વાલે કીધા સંસય નાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૨

મસ્તકે હાથ મારે મુકીયો રે, થયો અંતરમાં હે ઉજાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૩

પરકમા કરી પગે લાગીયાં રે, વાલે ભેટી બેસાડાં પાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૪

ભજન ભડાકા થાય છે રે, ગુણ ગાય છે, સૌનીજ દાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૫

આસાપુરણ અલબેલડો રે, વાલે પુરણ કીધી આસ રે
આવ્યાં હરખે ભર્યાં—૬

અનેક અધમને ઓધારવા રે, વાલે કીધો વડોદરે વાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૭

સાવ સ્વામીના ભગવાંન નારે, **ચુનીલાલ** ચરણ કેરો દાસ રે
આવ્યાં હરખે ભર્યાં—૮

(૨૨)

હરી ભજન થકી છોટા હોય તે મોટા સઉથી થાય છે—રાગ.

એવી એકાદશી, વૃત કરે જન કોઈ તો ભવસાગર તરે
દસ ઈંદ્રી ને એક મન કહીએ, એને વશ કરીને, એ વૃત કરીએ.
અતી આનંદે હરીના ગુણ ગાઈએ—એવી એકાદશી—૧
સઉ એક દશાની માંહી લાવે, એને જ્ઞાન ગુરૂનું સમજાવો
મટે જન્મ મરણનો દાવો—એવી એકાદશી—૨
જ્યારે સરવે તણી થાય એક વરતી, ધરે ગુરૂ ચરણમાં વરતી
રૂદીએ ધ્યાન અખંડ ગુરૂની મુરતી—એવી એકાદશી—૩
જુઠ પરપંચ સરવે પરહરીએ, કદી અધર્મ તો નવ આચરીએ
એવું એકાદશી વૃત કરીએ—એવી એકાદશી—૪
જુવો અગીઆરસ હરીની માયા, એને સમજ્યા વીના
સઉ જાય વાહુયા
એનો ભેદ તો કોઈ વીરલે પાયા—એવી એકાદશી—૫
તે સદચીદાનંદ પદ માંહે માહાલે, ત્યાં જમરાતણું જોર નહી ચાલે
એવું અખંડ વૃત સદગુરૂ આપે—એવી એકાદશી—૬
વૃત સાચું હરીના નામ તણું, બીજું મન તણું બળ છે બમણું
શીદ દુઃખાડો મીથ્યા લમણું—એવી એકાદશી—૭
મારે કહેવું હતું તે કહી દીધું, એ તો સમજુએ સમજી લીધું
તેનું પલમાં કારજ સીધુ—એવી એકાદશી—૮
ભગવાન ગુરૂએ વૃત આપ્યું મારા, રૂદીઆમાં હરીનું નામ સ્થાપ્યું

દાસ ચુનીલાલનું સરવે કષ્ટ કાપ્યું, એવી—
એકાદશી વ્રત કરે જન કોઈ તો ભવસાગર તરે.—

(૨૩)

ધોળ

સુરતા વીવાહનું કડવું આઠમું.

એની ઉપમા કહી નવ જાય, સુરતા રે ચાલ્યાં સાસરે—ટેક
દયાળદાસે સુરતાનો વીવાહ કહ્યો
તેનું સાસરીયું કહું સાર—સુરતારે ચાલ્યાં સાસરે ૧
મન પીતા સુરતાને રે વીનવે,
જાવ સાસરીએ પહેરી સણગાર—સુરતારે ૨
સત્ચીદાનંદ સણગાર પેહેરીઆ
ક્ષણું એકના લાગી વાર—સુરતારે ચાલ્યાં ૩
મંછા માડીને રે ચરણે નમ્યાં
મન પીતાને કર્યા રે જુહાર—સુરતારે ૪
વળાવા વીવેક વીચાર કાકા આવીઆ
સુબુદ્ધી શાંન્તી કાકીનો ઉપકાર—સુરતારે ૫
ભાવ મામો તે પણ આવીઆ
પ્રીતી મામી સાથે રે અપાર—સુરતારે ૬
વીસવાસ વીરાજી તે પણ આવીઆ
ભકતી ભાભી નીંદે સંસાર—સુરતારે ૭

રેહણી રથમાં તે પ્રેમની ગાદીઓ
બેઠાં સુરતા છોડી લોકાચાર—સુરતારે ૮
સદગુરૂ તે આંણે રે આવીઆ
શબ્દ સારથી હાંકે નીરધાર—સુરતારે ૯
પીતા કહે પુત્રી કલ્યાણ કહાવજો
સેવજો સ્વામીને રહીત વીકાર—સુરતારે ૧૦
સતસંગ સાસરીયાંમાં ઉતર્યાં
અલ્યાં નામ સ્વામીને સુરતા નાર—સુરતારે ૧૧
માહાલ્યાં અરધ ઉરધનારે મેહેલમાં
ખેલ્યાં અરસપરસ પરાપાર
સુરતારે ચાલ્યાં સાસરે ૧૨

સાસરીએ સમોતીરે જે થઈ
ઢીંગલીએ ના રમેરે લગાર
સુરતારે ચાલ્યાં સાસરે ૧૨

કહે ધરમગીર સદગુરૂ સુખ આપે
નીરાલંબ પદ બાવન બાહાર
સુરતારે ચાલ્યાં સાસરે ૧૪

મેહેતા મનહર ભજનમાળા

ખ્યાલ.

(૧)

નરસીંહ મહેતા ભકત બ્રાહ્મણ જુનાગઢનો એ—રાગ.

અજબ તમાસા ખલકકા ખોજે, સમજ પડે તબ હોય દીનતા;
એક સ્વતાંતર રામ બીરાજે, એક રૂપ કરે આધીનતા—ટેક. ૧
નથી સમોવડ સંત સમાગમ, પશુ ફેડીને નર કરે;
કાગ મટીને હંસ બનાવે, સત સાગરમાં મોતી ચરે—૨
સત્ય અસત્યનો કરે નરવેડો, સત્ય હોય તે હાથ ધરે;
ત્યાગે અસત્ય અનાચારને સુખીઓ થઈને તે વીચરે—૩
સમજ્યા વીના સૌ ભેળું ખાય તે, મનુષ્ય મટીને શ્વાન ઠરે;
આપ ડુબે ઓરનકું ડુબાવે, ભવસાગરમાં કેશે તરે—૪
સમજણ સાચી સતગુરૂ કેરી, શુદ્ધ ભાવ શું હીરદે ધરે;
ચોરી જારી જુઠ અવીદ્યા, હીંસા કરતાં દીલમાં ડરે—૫
ભાવ ભરૂંસો ખરો જો પ્રગટે, જનમ મરણુની આંટી ટળે;
ચુનીલાલ મહેતા સતગુરૂ સેવે, અંતરજાંમી ઘટમાં મળે—૬

(૨)

બલીહારી પીર તમોનેરે, અપરાધી હુંતો--એ રાગ.

સતગુરૂજી સમરથ મારા રે, અરજ કરૂં છું—ટેક.
ગુરૂજી હુંતો જનમો જનમનો છું પાપી, તે સરવે કરજો માફીરે-૧
ગુરૂજી હુંતો વારે વારે અવતરતો, લખ ચોરાસીમાં ફરતોરે-૨
ગુરૂજી હુંતો ચારે ખાંણુમાં રડવડીઓ, હવે શરણુ તમારે પડીયોરે-૩
ગુરૂજી આપ અધમ ઓધારણ કા'વો હવે વધુ નહી તલસાવોરે-૪
ગુરૂજી હુંતો ગરીબ દાસી તમારી, માટે શુદ્ધ લેજો મારીરે-૫
ગુરૂજી અમો તમારે આધારે રહીયે, દુઃખ કોની આગળ કહીયેરે-૬
ગુરૂજી મુને ભાવ ભરોસો તમારો, મને ભવજલ બુડતાં તારોરે-૭
ગુરૂજી ગુણ ગાઉં છું પ્રેમ પ્રકાસી, છું ડંકપુરી નીવાસીરે-૮
ગુરૂજી ભાવે ભેટયા નેસુરતા પરણી, મારી પુર્વ જનમની કરણીરે-૯
ગુરૂજી દાસ ચુનીલાલની અરજ સુણજો બેલી, થાજો અંત સમાના બેલીરે-અરજ ૧૦

---

(૩)

લગનીને લાગીરે, મુરસદ લાલનીરેજી—એ રાગ.

લગનીને લાગીરે, સતગુરૂ દેવનીરેજી.
જેણે મારા અંતરનો ટાલ્યોરે ત્રાસ (૨)
અભેપદ આપ્યું રે, દીનદુપર દયા કરીરેજી,

સચરાચરમાં સમજાવ્યો સવારે વાસ—લગની. ૧
વારે વારે જાઉંરે, ગુરૂજીને વારણેરેજી.
જેણે મારા ટાળ્યા ત્રીવીધ તાપ (૨)
ભીતરના તો ભડકારે, ગુરૂએ સમાવીયારેજી.
અંતર માંહી બીરાજે પોતેરે આપ—લગની. ૨
મનવો મારો મોજીરે, ભજન કરે ભાવથીરેજી.
સંતને સેવ્યે જાણીને કીરતાર (૨)
ભાવ ગુરૂ સાથેરે પુરણ પતીતછેરેજી.
અખંડ સુખ વરણવું વારંવાર—લગની. ૩
ડાકોરનાતો વાશી રે, યજુરવેદી જાણજોરેજી.
બ્રાહ્મણ એ તો ત્રવાડી મેવાડા જાત (૨)
મહેતા મગનલાલનારે **ચુનીલાલ** નામ છે રેજી.
જ્ઞાન ભાનું પ્રગટયું મટી ગઈ રાત—લગની. ૪
સંવત ૧૯૮૦ રે માગસર માસ ચાલતો રેજી.
તીથી કરતાં પુનમને રવીવાર (૨)
આનંદને આવ્યોરે ગુરૂજીના જ્ઞાનનો રેજી.
પામ્યો હું તો ભકિતથી જુગદાધાર—લગનીને લાગીરે. ૫

---

(૪)

નરરે નગુરાની સાથે—એ રાગ,

સહાય કરોરે મારી સહાય કરો.
સમર્થ **ધણી** મારી સહાય કરો—ટેક.

ચરણ કમળનો રે હું છું રે સેવક,
અવગુણ અપરાધ તો માફ કરો—સમરથ૦ ૧
અજામેળ તો અધમ ઓધાર્યો,
જનમનો દોષ તેં તો દીલ ના ધર્યો—સમરથ૦ ૨
ગજરે રાયનો બંધન છોડાવ્યો રે,
ભકિત કરે છે તેની પુઠે ફરો—સમરથ૦ ૩
હું છું રે તહારો ને તું છે રે મહારો,
એવો પોતાનો જાણી હીરદે ધરો—સમરથ૦ ૪
ક્ષણું એકવાર હું તો નહીરે વીસારૂં,
એવો સંકલ્પ મેં કીધો ખરો—સમરથ૦ ૫
સંસાર સાગરમાં મહા દુઃખ ભારે,
સંત સમાગમથી આતમા ઠર્યો—સમરથ૦ ૬
ચુનીલાલ મહેતા ડાકોરવાળા,
ભાવ ભરૂંસો મને પુરો ખરો—સમરથ૦ ૭

---

(૫)

રાગ ઉપરનો.

ઘડીરે ઘડીરે સમરૂ ઘડીરે ઘડી,
અંતરજામીને સમરૂં ઘડીરે ઘડી—ટેક

આઠ પહોર દીવસને રજની, પ્રભુ ભજવાની મને ટેવ પડી. અં. ૧
કોઈ જાય કાશીને કોઇ જાય મકકે, કોઈ તો ખોળે છે તરી પર ચઢી. ૨
ઉત્તર દક્ષીણ પૂર્વ ને પશ્ચિમ, ચારે દીશાની મને સુઝ પડી. અં. ૩

ભાવ ભરૂંસો ગુરૂજીનો ભારે, સુરતા નાચે ખડીરે ખડી. અં. ૪
તન તંબુરો મરમ મંજીરાંરે, ખાંતની ખંજરી ખુબ ચડી. અં. ૫
કામકાજ બીજું મારી નજરે ન આવે, અખંડ ભજનની તો
લાગી ઝડી. અં. ૬
મેહેતા ચુનીલાલ સદગુરૂજીના શબ્દે, મન મેવાસીની જીતી ગડી.
અંતરજામીને સમરૂ ઘડીરે ઘડી. ૭

---

(૬)

રામ રમેરે મારો હરી તો રમે, નીરખો નેણુંમાં મારો રામ રમે

એ રાગ.

ખોજ કરોરે મનવા ખોજ કરો,
કાયા નગરીમાં મનવા ખોજ કરો—ટેક
પ્રથમ પાયામે પંચભુત પ્રગટયાંને,
તનુ માત્રાનો સંગ કરો—કાયા૦ ૧
એકેક ભુતથી બબે બની ઇન્દ્રીયો,
પાંચ જ્ઞાન પાંચ કર્મ કરો—કાયા૦ ૨
અંતઃકરણ ચાર સર્વેથી સુક્ષમ,
સર્વેની સંભાલથી રક્ષા કરો—કાયા૦ ૩
ત્રણ ગુણ તેની માંહી પ્રધાન પણે છે,
ગુણાતીત એવો આત્મા ઠર્યો—કાયા૦ ૪

સરવેની માંહીને સર્વેથી ન્યારો છે,
જન્મ મરણનોરે અંસે હર્યો—કાયા૦ ૫
સતચીદ આનંદ સ્વરૂપ બતાવ્યું,
એ અલખ પુરૂષને પ્રેમે વરો—કાયા૦ ૬
હરી ગુરૂ સંતનો ભાવ ભરૂસો,
ભવ જલ ડુબતો મુને બહાર કર્યો—કાયા૦ ૭
ચુનીલાલ મહેતા ગુરૂજીને વંદે,
નામને આધારે હું તો ભવથી તર્યો—કાયા૦ ૮

---

(૭)

રાગ ઉપરનો

નવ કરીએરે નેડો નવ કરીએ,
નર નુગરા સંગાથે નેડો નવ કરીએ—ટેક
પાપી પાખંડીને વચનના જુઠા છે,
તેને દેખીને પગ પાછા ભરીએરે—નર. ૧
ચોરી જારીને કરે ચાડીરે ચુગલીને,
એવાને પુઠ દેઈ દેઈ ફરીએરે—નર. ૨
આપ બુડે છે ને બીજાને બોળે એ,
તેની વાતો તો દીલ નવ ધરીએરે—નર. ૩
અવળા એ ચાલીને બીજાને ભુલાવે છે,
એવાની સોબતમાં કહો કેમ ઠરીએરે- નર. ૪

સતગુરૂ સાચાંને પાળો તેની વાચા તો,
નામ નાવથી ભવજળ તરીએરે—નર. ૫
ચુનીલાલ મહેતાનીજ મનનેરે કહે છે કે,
સરવે મુકીને હરી વર વરીએરે—નર. ૬

---

(૮)

રામ રમેરે મારો હરી તો રમે નીરખો
નેણુંમાં મારો રામ રમે-એ રાગ.
ભજન ગમેરે તારૂં ભજન ગમે,
સીતાપતી રામ તારૂં ભજન ગમે-ટેક.
કુડરે કપટની કીરીયાઓ ત્યાગી,
સંત સંગતમાં મનવો રમે-સીતાપતી૦ ૧
સતગુરૂ ચરણ કમળનીરે સેવા,
ત્રીવીધી તાપ મારા તરત સમે-સીતાપતી૦ ૨
હરીગુરૂ ભાવ ભરોંસોરે ભારે,
પંચ વીષય તેનેં નવરે દમે-સીતાપતી૦ ૩
સતગુરૂ સાહેબ નામ નીરખ્યું ત્યારે,
જ્યારે જોવું ત્યાં રામ રમે-સીતાપતી૦ ૪
હરીથી વીમુખ તેનો હાથ કોણ ઝાલે,
ગુરૂ વીના નુગરો ભવોભવમાં ભમે-સીતાપતી૦ ૫
ચુનીલાલ મહેતા સતગુરૂજીને ચરણે,
જનમ મરણનું દુઃખ નુગરો અમે-સીતાપતી૦ ૬

---

(૯)

મેલીને હાલ્યો વણઝારો સુંદીર કાયા મેલીને હાલ્યો વણઝારો—એ રાગ

ભજી લેને ગીરીવર ધારીરે,
સુભાગી મનવા ભજીલેને ગીરીવર ધારીરે હોજી—ટેક
ગર્ભ સમે ગભરાયોરે ત્યારે,
તેં હરીથી લગાવીતી તારીરે હોજી.
આરે સંકટથી બહાર જો કાઢો તો,
નવ વીસારૂં મોરારીરે—સુભાગી મનવા૦ ૧
બહાર આવ્યો ત્યારે ભાનજ ભુલ્યોને,
હું આં હું આં પોકારીરે હોજી.
બાળપણું તેં રમતમાં ખોયુંને,
જોયું ના મન વીચારી—સુભાગી મનવા૦ ૨
આવી જુવાની ને થઈ છે દીવાની,
પોકારે નારી નારી હોજી.
વૃદ્ધ થયો ત્યારે કાયારે કંપે તો,
ઉમર એળે ગઈ તારી—સુભાગી મનવા૦ ૩
હરીના ભજન વીના કોઈ તરે નહી,
ભજન કરો નર નારીરે હોજી.
ચુનીલાલ મહેતા કહે ગુરૂ પરતાપે,
માનો શીખામણ મારી—સુભાગી મનવા૦ ૪

(૧૦)

રાગ ઉપરનો.

અવીચળ વાંણી તમારીરે સતગુરૂ દેવા,
અવીચળ વાણી તમારીરે હોજી—ટેક.
હુને મારૂં એ મનથી મેં ત્યાગ્યુંને,
સઘળી છે કુદરત તારીરે હાંજી
આશાને ત્રષ્ણા ઊર્મી ઉડાવી તો,
નરખી નીરવરતી નારી—સત. ૧
ચાર વેદનો ભેદ બતાવ્યોને,
ખોલી પંદરમી બારીરે હોજી
આવા ગવનની આંટીરે છુટીને,
પરખ્યા પ્રાણ આધારી— ૨
ચાર અવસ્થાને ચારજ દેહી,
ચાર વાણીથી ન્યારીરે હોજી
બાવન બાહેર પોતે બીરાજે,
નરખ્યા છે હીતકારી—સત. ૩
ત્રીવીધી તાપથી તપત બુજાવીને,
થઈ શાન્તી સુખકારી રે હોજી;
એકી નજરે આપને નીહાળું તો,
સ્વરૂપની બલીહારી—સત. ૪

સતગુરૂ સ્વામી અંતરજામીને,
પામી પદારથ ચારી રે હોજી;
ચુનીલાલ મહેતા ડાકોરવાળા,
કહે છે પોકારી પોકારી—સત. ૫

---

(૧૧)

રાગ ભરથરીનો.

સતગુરૂ શરણે જે ગયો, થયું પુરણ કામજી;
ત્રીવીધી તાપ ટળી ગયા, મન પામ્યું વીસરામજી—સત. ૧
આવા ગવનનીરે આપદા, કટે કરમની જાલજી;
એક સતાંતર આતમા, દીસે બ્રહ્માકારજી—સત. ૨
હરીગુરૂ સંત એક જાણીએ, જગમાં તારણ હારજી;
તનમન અર્પેથી થાય છે, બુડતાં ભવજલ પારજી—સત, ૩
ભાવ ભરોંસો છે ભકતને, ટળી ગઈ બીજીરે આસજી;
વેદ વચન પરમાણ છે, પ્રગટે પ્રેમ પ્રકાશજી—સત. ૪
ખોળે તે ખોવાઈ જશે, લુણ ઉદક સમાયજી;
સતનામમાં મન જઈ મળ્યું, ચુનીલાલ જસ ગાયજી—સત. ૫

---

(૧૨)

રાગ ભરથરીનો.

અવસર આવ્યો આનંદનો, ભજીલો સરજન હારજી;
મુનસા દેહ મોંઘા મુલનો, તેનો કરીલો વીચારજી—અવસર. ૧

લક્ષ ચોરાશીમાં રડવડે, ગોથાં ખાય છે અપારજી;
સતગુરૂ સેવે તો સુખ થશે, આવે પંથનો પારજી—અવસર. ૨
પશુ પક્ષી કે જલચર જુવો, તેથી ભજન ના થાયજી;
મનુષ્ય થયો ને સમજે નહીં, પશુ કહીએ કહેવાયજી—અવસર. ૩
ડાહયો કહે સૌ દેશમાં, ભણતર ભણ્યો તું અપારજી;
સાકાર વસ્તુ સુઝી નહીં, તેથી કહીએ ગમારજી—અવસર ૪
વેદ શાસ્ત્ર પ્રમાણ છે, ભજન સરવથી શ્રેષ્ટજી;
રંગ ના લાગ્યો પ્રભુ નામનો, તે તો નેષ્ટથી નેષ્ટજી—અવસર ૫
નારાયણ નામને ઓળખે, તો તો થાય નીચાલજી;
હરીગુરૂ સંત પ્રતાપથી, સત્ય કહે ચુનીલાલજી—અવસર ૬

---

(૧૩)

રાગ ઉપરનો.

હરીગુરૂ સંતને સેવીએ, તજી તનડાની આસજી;
મનુસા જનમ ફરી નહીં મળે, પ્રેમ કરો પરકાસજી—હરી. ટેક ૧
ધ્રુવજીએ બાલા વેશમાં, લીધો ગુરૂ ઉપદેશજી;
મધુવનમાં તપસ્યા કરી, લીધો અવીચળ દેશજી—હરી. ૨
મોરૂધ્વજે સંત સેવીઆ, અરપણ કીધું છે તનજી;
અરધું અંગ વહેરાવીયું, દીધું તરત દરશનજી—હરી. ૩
જનક વીદેહી જગમાં જુવો, હું બલીહારી એ વૈરાગજી;
રાજ્યકર્યું વીદેહી વટે, કરવો એવો રે ત્યાગજી—હરી. ૪

શેઠ સગાળશા વાણીઓ, કીધી સંતાની સેવજી;
તનરે તજ્યો સંત કારણે, ભકતી કીધી અશ્વમેવજી—હરી. ૫
પરમારથ પાકું રત્ન છે; સમજે સતગુરૂની સાનજી;
ભાવ ભરોંસે પ્રેમ પ્રગટે, તજે તન અભીમાનજી—હરી. ૬
સત્ય શીખામણ માનસે, સમજે નારાયણ નામજી;
ચુનીલાલ મહેતા એમ બોલીયા, રહેવું ઠાકોર ગામજી—હરી. ૭

---

(૧૪)
રાગ ઉપરનો.

ભકતી કરોરે ભગવાનની, તજી મમતાને માનજી;
હું ને મારૂં તેતો પરહરો, તજો જાતી અભીમાનજી—ભકતી ટેક ૧
કાચી કાયાનો ગર્વ શું કરો દેહી ધુળ સમાનજી;
સતને મારગે ચાલવું, ગાવું ગોવીંદનું ગાનજી—ભકતી ૨
હરતાં ફરતાં ને સુતાં સેજમાં, ગોવીંદ ગોવીંદ ગાવજી;
ધંધો કરોને ધ્યાન રામમાં, જીતો સતનો એ દાવજી—ભકતી ૩
હુંપદથી હારી જાશો, મનુસા જેવું રતનજી;
લાભ સવાયો જેમાં મળે, એવું કરવું જતનજી—ભકતી ૪
ભકતીથી પ્રભુ પરસન થશે, એવી સનાતનની રીતજી;
માટે ભકતી સરવે આદરે, કરી પુરણ પ્રીતજી—ભકતી. ૫
ભકતીને વશ છે રે ભુધરો, વેદ વચન પ્રમાણજી;
ચુનીલાલ મહેતા બોલીયા, ઓળખી લેવું એધાણજી—ભકતી ૬

---

(૧૫)

સુખડાની માયા લાગીરે મોહન તારા—એ રાગ.

સત સંગ કરો ભાઈરે, અવસર આવ્યો—ટેક.

સતસંગ કરશો જ્યારે, અંતે સુખ મળશે ત્યારે;
કહું શું હું વારે વારેરે—અવસર આવ્યો ૧
સતસંગ સૌથી સારો મુખ્ય લક્ષ એજ મારો;
એમાં મત મળશે તારોરે—અવસર ૨
મુનસા દેહી મોંઘી જાણો, સોમે કોઈ સમજે શાણો;
કોણ રંક કોણ રાણોરે—અવસર ૩
કાચી કાયા પડી જાશે, પછીથી પસ્તાવો થાશે;
હાથે આવી બાજી જાશેરે—અવસર ૪
માટે સરવે સજ થાવો, ગોવીંદના ગુણ ગાવો;
મુનસાનો લોને લાહાવોરે—અવસર ૫
ચુનીલાલ મહેતા કહે છે, ડાકોરમાં વાસો રહે છે;
સમજુને શીખામણ દે છે રે—અવસર—૬

---

(૧૬)

વારે ધા વીઠલા વહેલોરે—એ રાગ.

ગુરૂજીને પાયે હું લાગુરે, ભકતી રામ નામની માગુરે—ટેક

ધ્રુવ પ્રહ્લાદ ને અમરીશ રાજા, પીપો અને રોહીદાસ;
મીરાં સવરી કરમાબાઈ, પુરી તેની આશરે.
સુતો મોહ નિંદ્રાથી જાગુરે ભકતી—૧

ગોપીચંદન ભરથરી જેવા પામ્યા અવીચળ ધામ;
વીભીષણુની ભક્તિ જાણી શરણે રાખ્યો રામ
અનુભવી વેણુજ વાગ્યું રે ભક્તિ રામ—૨

ધના ભગતની ખેતી સુધારી, દ્રૌપદીની રાખી લાજ;
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી કીધાં કોટીક કાજ.
વીષય પાંચ મનથી ત્યાગુરે ભક્તિ રામ—૩

નામદેવનું છાપરૂં છાયું તાર્યો સજનો કસાઈ;
શેઠ શગાળશાએ સાધુ સેવ્યા કીધી સાચી કમાઈ.
મન ચુનીલાલનું લાગ્યું રે ભક્તિ રામ—૪

---

(૧૯)

રાગ ઉપરનો.

દરશન કાજ તલસે છે નારીરે, દરશન દો મંગળ કારીરે—ટેક.

જલ વીના જેમ મીનજ તલસે, ઘડી ના ન્યારૂં રહેવાય;
દરશન કાજે મનડું તલસે, આકુળ વ્યાકુળ થાય.
માટે શુધ્ય લેજો મારીરે દરશન—૧

બપૈયો જેમ સ્વાતી બીંદુને ઈચ્છે મેઘને મોર;
સારંગ નાદની સાથે મોહયો, ચંદ્રને ઈચ્છે ચકોર.
અરજ દીલ દાસીની ધારીરે દરશન—૨

ટોળા વછુટી મૃગલીને જયમ, અંતર ચીંતા થાય;
આપ દરશનની આતુરતાથી, ઘડી ના રહેવાય.
લેજો ભવ સીંધુથી તારીરે દરશન—૩

દરશન આપી દુખડું કાપી, છાપી ભક્તની છાપ;
ચુનીલાલ મહેતાના ગુન્હા, કરજો સરવે માફ.
સેવક પોતાનો ધારીરે-દરશન-૪

---

(૧૮)

વારે ધા વીઠ્ઠા વહેલોરે—એ રાગ.

જપુ મુખે રામનું નામરે અંતે તારે આવશે કામરે—ટેક.

ઉંઘરે અહારને મૈથુન ભય એ ચારે પશુમાં હોય;
એથી અધીકું કામ શું બીજું શોધી કાઢો કોઈ.
ભકિત વીના બીજું નહી ઠામરે અંતે તારે આવશે કામરે—૧

પંચ વિષયને ખટરીપુ એ, જબરા જોરાવર જોધ;
શીલ સંતોષને દયા ધરમ એ મનને આપે બોધ.
તો તો વહારે ધાય છે રામરે—અંતે તારે—૨

સંત સંગતથી નીતી વીચારો મનુષ્યા દેહીનો ધર્મ;
ભજન કરો તો ભવદુઃખ ભાગે મટે મનનો ભર્મ.
પામો અવીચળ ધામ રે—અંતે તારે—૩

પ્રેમ લક્ષણા ભકિત ભાવે ગુરૂની સેવા થાય;
ચુનીલાલ મહેતા કહે છે એજ છે શ્રેષ્ટ ઉપાય.
નીરલે નીરખાય નામ રે—અંતે તારે—૪

---

(૧૯)

હરી મારે હૈયે રહેજો, પ્રભુ મારી પાસે રહેજો
રખે દુર થાતા રામ તે હી નો વીસવાસ છે—એ રાગ.

હરી મારી વારે ચઢજો, પ્રભુ મારી સહાય કરજો.
તમારો આધાર રામ, મારે મન વીસવાસ છે.

સર્વે તારૂં નથી મારૂં બીજું તલભાર.
રામ મારે મન વીસવાસ છે—૧

ચાર્યું એવું જાણ્યું તેવું, તુજ છે ભરથાર.
રામ મારે મન વીસવાસ છે—૨

જ્યાં જોઉં ત્યાં તુને દેખું, કળા અપરમ પાર.
રામ મારે મન વીસવાસ છે—૩

નામ તણું નથી લેખું, પેખું પરાપાર.
રામ મારે મન વીસવાસ છે—૪

જડ ચેતન માંહી બોલો, બાવન અક્ષર બારો.
રામ મારે મન વીસવાસ છે—૫

ત્રવેણીના તીર ઉપર, ઝણણ ઝલકારો.
રામ મારે મન વીસવાસ છે—૬

દાતા મેં તો નક્કી જાણ્યું, પ્રાણના આધાર
રામ મારે મન વીસવાસ છે—૭

ચુનીલાલ મહેતા કહે છે અંતે ધાજો વારે.
રામ મારે મન વીસવાસ છે—૮

(૨૦)

રાગ ઉપરનો.

સતગુરૂને પાયે લાગું, માગું અવીચલ વાણી રામ—
તારો તે વીસવાસ છે

ભકતી કરવા ભાવ મારો, તેને તો વધારો રામ—તારો તો ૧
દોષ હોય તે માફ કરજો સેવકને સુધારો રામ—તારો તો ૨
મોરૂધ્વજની સહાય કીધી, ગજને ઉગાર્યો રામ—તારો તો ૩
ગીધ સરખો ગરીબ તાર્યો, અજામેલ ઓધાર્યો રામ—તારો તો ૪
તાતી કઢા શીતળ કીધી, સુધન્વા તમારો રામ—તારો તો ૫
દ્રૌપદીની લાજ રાખી, દુશાશન હાર્યો રામ—તારો તો ૬
એવા ભકત અનેક તાર્યા, ગણુતા ના આવે પારો—તારો તો ૭
ચુનીલાલ મહેતા કહે છે, આજે મારો વારો રામ—તારો તો ૮

---

(૨૧)

અનડાં લેજોરે સંગાત—એ રાગ હેલારી હાવેરનો.

સત્ય નામ વીનારે કોઈ નવ તરે હેજી
ગુરૂજી કરો કોટી ઉપાય (૨)
ગુરૂ વિના જ્ઞાન ના ઉપજે હેજી
ગુરૂજી નુગરો ગોથાંરે ખાય—ટેક. ૧

જુઓ નામે અજામેલ ઓધર્યો—હેજી
ગુરૂજી હતો પાપી અપાર (૨)
તેણે નામ જપ્યું રે અંતકાલમાં હેજી
તેથી થયો છે ઓધાર—(૨) નામ—૨

ધ્રુવજી જ્યારે બાલા વેશમાં હેજી
ગુરૂજી પામ્યા અવીચળ રાજ (૨)
પ્રહલાદ ભકત ઉગારીઓ હેજી
નામે થયું છે રે કાજ (૨)—નામ—૩

અકળ કળા છે રે નામમાં હેજી
ગુરૂજી પુરા ગુરૂથી પમાય (૨)
હરી ગુરૂ સંતને સેવતાં હેજી
ગુરૂજી નામ નીશ્ચે રે થાય—નામ—૪

ભાવ ભરોંસે ગુરૂ સેવીએ હેજી
ગુરૂજી સમજે નામનો ભેદ (૨)
જે વડે શાસ્ત્ર સર્વે થયા હેજી
ગુરૂજી થયાં ચારે રે વેદ—નામ—૫

સત્યે નામનો મહીમાં અપાર છે હેજી
ગુરૂજી અનુભવ આવે જો હાથ (૨)
મેહેતા ચુનીલાલ સ્થીર થયા હેજી
ગુરૂજી સત ગુરૂજીની સાથ (૨) નામ—૬

(૨૨)

રાગ હેલારી.

વારૂ મારા વીરારે ના કરીએ સંગ નીચનો હેજી—એ રાગ.

સતગુરૂ વીનારે ભજન ગાએ શોખનારેજી;
તેનું કદી કબુલ ના કરે કીરતાર—સતગુરૂ. ૧
કાયા કશી કરે રે કાગળવત નીમથીરેજી;
કરે કદી અન્ન આહારનો ત્યાગ—સતગુરૂ. ૨
પુજા કરે નીત્ય રે સોળ ઉપચારથીરેજી;
ધુપદીપ નૈવેદ ધરે છે અપાર—સતગુરૂ. ૩
કોટી નાક લીટીરે પરકમા સહુ કરેરેજી;
દીયે દાન શીલવ્રતને ધરનાર—સતગુરૂ, ૪
ગદ ગદ કંઠેરે હરીજશ ઓચરેરેજી;
તોયે નવ દરશન પામે લગાર—સતગુરૂ. ૫
સંશય નવ ભાગેરે ચોરાશી લાખનોરેજી;
મુવા પછી ક્યારે ધરીસું અવતાર—સતગુરૂ. ૫
કરે કર્મ કોઇરે ગુરૂ વીના મન મતેરે હોજી;
થાકે તરતાં બીના નાવે તરનાર—સતગુરૂ. ૬
ચુનીલાલ બેઠારે નામ નાવે ગુરૂ થકીરેજી;
ખેવટ થઈને ઉતારે રે ભવપાર—સતગુરૂ. ૭

(૨૩)

રાગ હેલારી—વારૂ મારા વીરારે—એ રાગ.

સમજણ સાચીરે ગુરૂજીના દેશનીરેજી,
પામે તે તો પલમાં થયો રે નીહાલ—સમજણ. ટેક
અસત્ય ના બોલેરે હીંસા નવ કીજીએ રેજી,
દયા દ્રષ્ટી રાખજો આપ સમાન—સમજણ. ૧
ચોરીને જારીરે કદી નવ કીજીએ રેજી,
પરધન દેખી મન નહી લલચાવ—સમજણ ૨
જીવ હીંસા મનથીરે, કદી નવ કીજીએ રેજી,
દારૂ તાડી માંસ ના ખાવો લગાર—સમજણ ૩
મન ક્રમ વચનેરે સંત સેવા કીજીએ રેજી,
આનંદ મંગળ વરતે તે આઠો રે પહોર—સમજણ ૪
નીરલે નાણું પામ્યો રે રામના નામનું રેજી,
સ્મરણ કરતાં પલમાંરે પામે પાર—સમજણ ૫
ચુનીલાલ મહેતારે કરજોડી બોલીયા રેજી,
અલે સુખ મળે ગુરૂને દરબાર—સમજણ ૬

(૨૪)

વારૂ મારા વીરારે—એ રાગ.

સમજ મન મારારે, કરીએ સેવા સંતની રેજી,
સંતને સેવે જનમ મરણ મટી જાય—સમજ. ટેક.

સંત જેણે સેવ્યારે ત્રણે લોક ઓળખ્યા રેજી,
સદગદ કંઠે ગોવીંદના ગુણ ગાય—સમજ. ૧
ભવ દુઃખ ભારેરે, જનમ મરણનું રેજી,
ભજન કરે રોગ સમુળોરે જાય—સમજ. ૨
કળીયુગ માંહીરે પાખંડી તો બહુ ફરે રેજી,
તીલક માળા પહેરે ને ભકત કહેવાય—સમજ. ૩
અવગુણી એવારે ખટપટ બહુ કરે રેજી,
સમજણ વીના સરવેની ભેળું રે ખાય—સમજ. ૪
આપ નવ સમજેરે બીજાને ભુડાવતા રેજી,
એવા જન તે સહેજે નરકમાં જાય—સમજ. ૫
ચુનીલાલ મેહેતારે રહે ગુરૂ શરણમાં રેજી,
આઠે પહોર ગુરૂ તણા જશ ગાય—સમજ. ૬

---

(૨૫)

રાગ હેલારી.

અને મારા વીરાજી હો લાલ ભકતીને ભાવેરે સતગુરૂ સેવીએ હેજી,
જેથી મટી જાય પુરવેનાં પાપ હો લાલ
અસત્યને આવરણરે સરવે દુર ખસે હેજી,
નામ નીરખો પરાની પારે હો લાલ—ભકતીને ભાવે રે—૧
અને મારા વીરાજી હોલાલ, ગંગાને જુમનારે ઘટમાંછે સરસ્વતીહેજી,
ગુરૂ વીના ના પામે પાર હો લાલ

તરવેણીને તીરે વાલા મારા બોલતા હેજી,
જેના શબ્દ છે અપરમપાર હો લાલ—ભકતીને ભાવે રે—૨
અને મારા વીરાજી હો લાલ, ગુરૂ વીના ગોથાં
નુગરા નર તે તો ખાય છે હેજી,
નથી લાગતો ભકતીનો રંગ હો લાલ
એળે ને વંળેરે અવસર વહી ગયો હેજી
ચુકયો ગર્ભમાં બોલેલો બોલ હો લાલ—ભકતીને ૩
અને મારા વીરાજી હો લાલ અમરને ઈચ્છે છે મનુષ્યા દેહીને હેજી,
હરી ભજીને પામીએ પાર હો લાલ
સ્વર્ગનું સુખડુરે તેમને નવ ગમે હેજી
સેવે હરી ગુરૂ ભાવે ચુનીલાલ હો લાલ—ભકતીને. ૪

---

(૨૬)

રાગ હેલારી.

અને મારા વીરાજી હો લાલ, પરથમને પુજું રે હરી ગુરૂ
ભાવથી હેજી.
માગુ પ્રેમ ભકતીનો વર આપો હે લાલ
ભીતરના ભડકારે, સતગુરૂ હોલવો હેજી
વરસે વચન અમીરસ ધારા હો લાલ
અમૃતનું બીંદુરે સતસંગ સુખનું હેજી. ટેક ૧

અને મારા વીરાજી હો લાલ, સંસારને સાગર રે
મોહ જળથી ભર્યો હેજી.
તેમાં તમો તારો તો તરાય હો લાલ
કામને ક્રોધરે લોભની તો આડ છે રેજી
આપ કૃપાથી તેને જીતાય હો લાલ—અમૃતનું. ૨
અને મારા વીરાજી હો લાલ, નામને નાવે રે સતગુરૂ તારશે હેજી,
સેવા સમરણ ભાવેથી થાયે હો લાલ
તનમન ધન તે ગુરૂ ઉપર વારીએ હેજી
ગુરૂ કૃપાએ મોક્ષ પમાય હો લાલ—અમૃતનું. ૩
અને મારા વીરાજી હો લાલ, ગંગાને જીમનાજી ગુરૂજીના
ચરણમાં હેજી,
પ્રેમી પુરૂષ તેમાં નહાય હો લાલ
નુગરાને સાકુટ તે દેખી દેખી નાસતા હેજી
દાસ ચુનીલાલ હરી જશ ગાય હો લાલ—અમૃતનું.

---

(૨૭)
હાવર

આતરસુંબાની ફોજે આવીઓ રેજી—
તારૂં ઘેરી લીધું ફાગવેલ ગામ બાવા.
ધોરી ધજાઓ ભાથી દેવની રેજી—ટેક
ઉત્તર દક્ષીણુ પીરની સેરીઓ રેજી
ત્યાં તો રોઢીયા કસુંબા ઘોળાય બાવા—ધોળી ધજાઓ ૧

નથી છુટયાંરે હાથે મીંઢળાં રેજી
નથી ઉતર્યાં પાનેતરના રંગ બાવા—ધોળી ૨
ઢાલ બાંધોને ભાથી ઢળકતી રેજી
ખાંડા ઝાલોને જમણે હાથ—બાવા—ધોળી ૩
કલંકી ઘોડે ભાથી સ્વાર થયા રેજી
એ તો ચઢયા દુઃખીઆરાંની વાર બાવા—ધોળી ૪
શીશ પડે રે જેનાં, ધડ લડે રેજી
ભાથી રણમાં કરે છે રણતુરૂ બાવા—ધોળી ૫
ઉંચા આંબારે ભાથી આંબળા રેજી
ત્યાં તો ડસીઆ ઉતારેલા નાગ બાવા—ધોળી ધજાઓ ૬
ગોર નાથાભાઈની વીનતી રેજી
તારાં ભકતાંની લેજે સંભાળ બાવા—
ધોળી ધજાઓ ભાથી દેવની રેજી ૭

---

(૨૮)

રહેના સતગુરૂ કે રે હજુર—રાગ.

મેરે મન વસી રહયા સતગુરૂ દેવ
ઉનકી કરૂં મેં સેવ, મેરે મન વસી રહયા સતગુરૂ દેવ—ટેક
બાહાર ગુરૂ હે ભીતર ગુરૂ હે જયાં દેખું ત્યાં એહ
જડ ચેતન પાહાડ પાણીમાં જેને આધારે આ દેહ
મેરે મન વસી—૧

સરવાતીતને સરવેના સાક્ષી, નીર ગુણુ સીર ગુણ જાણું
પરાપારને અક્ષરા અતીતે તે, સતગુરૂને પરમાણું
મેરે મન વસી—૨

આવે જાય નહી, મરે ના જન્મે, વીદેહી છે દેહવાન
મને પોતાનો સેવક જાણી, ભાવે ભેટ્યા ભગવાન
મેરે મન વસી—૩

ઉત્તર દક્ષીણ પુર્વ પશ્ચીમ, જ્યાં દેખું ત્યાં ફાલ
મુજમાં એ છે, એમાં હું છું. ગાવે છે ચુનીલાલ
મેરે મન વશી રહયા સતગુરૂ દેવ—૪

---

(૨૯)
રાગ ઉપરનો

સતગુરૂ ચરણુ કમળનો દાસ—
સતનામ તણો વીસવાસ—સતગુરૂ ચરણુ—ટેક
મન કૃમ વચને ગુરૂને વંદુ—સતગુરૂ સમરણ સાર
આ તન ભીતર આતમ હરસ્યો પરખો પરાની પાર—
સતગુરૂ ચરણુ ૧

સ્થુળ સુક્ષમ કારણુ દેહી, મહાકારણ કહેવાય
જાગૃત સ્વપ્ન શસોપતી તુરીયા સાક્ષીવત સમજાય.—
સતગુરૂ ચરણુ કમળનો દાસ ૨

તનમનનો મેં કર્યો નરવેડો સરવેથી સુખરૂપ
જ્ઞાન વીજ્ઞાનના દાતા જાણી હું તો બન્યો તદરૂપ—સતગુરૂ ૩

ડાકોર ગામમાં વાસ છે મારો પીતાશ્રી મગનલાલ,
ત્રવાડી મેવાડા બ્રાહ્મણ કહે છે ચુનીલાલ—
સતગુરૂ ચરણ કમળનો દાસ ૪

(૩૦)
રાગ આશાવરી

દેશ રહયો બહુ દુર ઓ ભમરા દેશ રહયો બહુ દુર
ઉડી જા સમજીને દુર—ઓ ભમરા દેશ રહયો બહુ દુર—૧

વન ઉપવન વાડી બાગ બગીચે
ભાઇ ભમ્યો ભરપુર—ઓ ભમરા ૨
બસ કર મધુ કર રસ કસ લેવો હવે
ચુસી બન્યો ચકચુર—ઓ ભમરા ૩
હાથે કરી શાણા બનતો તું કાં હાવે
નીજ રસથી હાં, નીઠુર—ઓ ભમરા ૪
પાંખો પ્રસારી, પડયો પુષ્પ, પરાગે
ઘેલો બન્યો ઘેલો તુર—ઓ ભમરા ૫
ચેતી લે ચેતી લે, પુષ્પ પરોણા હવે
નથી થયું હજું તો અસુર—ઓ ભમરા ૬
ઉડી જા પોહોચી જા પંથી મુસાફર
અમી રસ હરીની હજુર—ઓ ભમરા ૭
દાસ ચુનીલાલ કરગરી કહે છે
પીધે અમર હોવે જરૂર—ઓ ભમરા દેશ
રહયો બહુ દુર—૮

(૭૧)

દેખ્યા નહી કચ્યું સાર જગતમાં—એ રાગ.

ગુરૂ વીના ગમ નહી પડે, મુરખ નર ગુરૂ વીના ગમ નહી પડે—ટેક
સદગુરૂ વીના સાર જડે નહી, અનંત જન્મ આથડે
ગુરૂ મળે તો જ્ઞાન બતાવે, મુકતીનો મારગ જડે મુરખ—૧
દેખા દેખી સાધન સાધે, મનને મતે રડવડે
ભવ ભ્રાંન્તી એથી ના ભાગે, ઘેન મોહનું જડે મુરખ—૨
ભજન કરે પણ ભેદ ના જાણે, મીથ્યા મુરખા લડે
કેહેણી કથે પણ રેણી નાહી, ખાલી ઘડો ખડખડે મુરખ—૩
બહુ કુતરાઓ ટોળે મળીને, ભૂ ભૂ કરીને રડે
એના રડયાથી દયા ન ઉપજે, ઉલટાં થાયે હડે મુરખ—૪
પાખંડ ભકતીએ પ્રભુ ના રીઝે, ઉંડા ખાડમાં સડે
સાચા સદગુરૂ જેને મળીઆ, તે જ્ઞાન ખડગ લઈ લડે મુરખ—૫
સદગુરૂ સેવે સુલભ થાશે, ભજન કરતાં આવડે
નીજ નામ નીશ્ચે કરી નીરખે, સુન્ય સીખર પર ચડે મુરખ—૬
સુગરા નર સંતોષી સાચા, જેને તૃષ્ણા તાપ ના અડે
જળ કમળવત જગમાં વરતે, સતમાં સુરતા જડે મુરખ—૭
અનુભવ આવે સદગુરૂ સાને, તે પાછો ના પડે
દાસ મુનીલાલ ભાવ પરતાપે, નામ નોબત ગરબડે મુરખ—૮

(૩૨)

રાગ ઉપરનો

જેને પડી ટેવ નવ ટળે, મુરખ નર તેવું તે તો કરે—ટેક
શ્વાન જનાવર નાનું સરખું, પૂછડી વાંકી વળે,
અંગે આભૂષણ નથી પલળતાં, પણ પગ ઉંચો કરે—મુરખ ૧
બળદીઆને બાંધી રાખો, ગોતર ગમાંણે ભરે,
ખોળ તેલનો ખોરાક આપો પણ, ઓખર જઈને કરે—મુરખ ૨
કોયલ કાગડો એક રંગ સરખો, કાગ તે કાકા કરે,
અમૃત આહાર તે આગળ મુકો પણ, નરક તે નજરે ધરે-મુરખ ૩
ચાડી ચુગલી લંપટ વેડા, જગમાં ઝાઝા કરે;
વીના હામના બની વઈતરા, નીંદા કરતા ફરે—મુરખ ૪
બીલાડીને બાંધી રાખો, સ્વાદીષ્ટ ભોજન ધરે,
આખું ઘર સોંપી દેશો પણ, સાત ઘર તે ફરે—મુરખ ૫
સાચી સમજણ સંત જનોની, તેને ઉર ના ધરે,
જન નથી પણ ખર સમજવો, ભવમાં ભટકાઈ મરે—મુરખ ૬
પરને પીડા થાય નહી જો, મનની કુટેવ ટરે,
સાચા સતગુરૂ સેજે મળે તો, સરવે દુખડા હરે—મુરખ ૭
ટેવને ટાળે મનને વાળે, ભાવ ભકતી જે ધરે,
ચુનીલાલ કહે છે ટેવ ટળે તો, માલીક તેનો ફરે—
મુરખ નર તેવું તે તો કરે. ૮

(૭૭)

રાગ ઉપરનો

સબ મતલબકે યાર, જગતમાં સબ મતલબકે યાર
માતા પીતા ભ્રાતા ભગની, સુતા અને નીજ નાર—જગતમાં—ટેક
સ્વજન કુટુંબી મીત્ર પ્રાણુ પ્રીય, દાસ દાસી પરીવાર
રાજા પ્રજા ગરીબ તવંગર, પંડીત અને ગમાર—જગતમાં ૧
સ્વાર્થ સાધવા સર્વે તતપર, અંતર ભર્યો વીકાર
મન મતેથી હીંડે મહાલતા, કરે અતી અનાચાર—જગતમાં ૨
જોગી ભોગી અને વેરાગી, ચોર અને શાહુકાર
મતલબમાં મસગુલ રહે છે. સમજે ના સાર અસાર—જગમાં ૩
પતિવૃતા ને કુલટા નારી, વર્ણાશ્રમે સુભચાર
આશા પાસમાં બંધાયેલા, દેવ દાનવ સંસાર—જગતમાં ૪
સ્વાર્થ વીના સંબંધ ના થાયે, અંતર કરો વીચાર
દાન માંન ને ખાંન પાંન સો, કરેના કોઈ ઉપગાર—જગતમાં ૫
જે જે કરે તે સ્વાર્થ સાધવા, એ સબ મનકી લાર
નીસ્વાર્થ કોઈ હરીકે પ્યારે, જીનકો સુદ્ધ વીચાર—જગતમાં ૬
જીનકો પર ઉપકાર સદા પ્રીય, તે પર જાઉં બલીહાર
સદગુરૂ સંત પરમ ઉપકારી, વંદુ વારંવાર—જગતમાં ૭
માટે શાંણાને શીખામણુ, સેવો વીવેક વીચાર
કહે ચુનીલાલ સદગુરૂ મળે તો સમજાશે સતસાર—જગતમાં ૮

(૩૪)

મ નતું સીદને કલ્પના કરે કૃષ્ણને કરવું હોય તે કરે—એ રાગ.

જગતમાં ઢાંગી ગુરૂ થઈ ફરે, કે સંસય સેવકના શું હરે—ટેક.

ધર્મ તણી તો વાત ના જાંણે નીંદાથી ના ડરે

કલ્પીત વાતો કહી સમજાવે, કહોને કેમ કરી તરે—જગતમાં ૧

ધન હરવાને ઢોલ બજાવે, કપટ ચતુરાઈ કરે

જાળ પાથરે જુગતી કેરી, પેટ પોતાનું ભરે—જગત ૨

ભોળા જનને એ ભરમાવે, મીઠી વાતો કરે

સત્ય સાર સમજાવે નહી ને, મત તાંણીને મરે—જગત ૩

વાડા વાળી કરે વડ વાડયો, ભવસાગર કેમ તરે

પ્રભૂ પંથને પડતો મુકી, અન્ય ઉપાસના કરે—જગત ૪

ગુનેગાર ગોવીંદનો થઈને, ફંદમાં ફુલાઈ ફરે

જ્ઞાન ઘમંડી ગાલ બજાવે, એથી અરથ ના સરે—જગત ૫

માટે શાંણા સમજી લેસો, તો સેજે કારજ સરે

ભાવ ભજનમાં રહે ચુનીલાલ

સદ ગુરૂ સાચા વરે—જગતમાં ઢાંગી ૬

(૩૫)

રાગ મીરાંના પદનો.

વહેમે હદ વાળી રે, ભાલે સરવે ભ્રમા હુયા
સમજણ વીના સાકુટરે, કર્યાં લોકે કાહુયા— ટેક
સાખી—એક જાદુગર એવો આવ્યો, ઉગાડીઆ નવ તાડ
ખરી કરામત ખાત્રી કેરી, ભોંયમાં ઉતારે ઝાડ
ચાલ—માને ગપ માનવરે, જુઠા માને જગરાયા—વહેમે ૧
સાખી—સાદ્ધી સીકોતર, મેલડી મોટી દીકરા આપે અપાર
એવું સમજીને ધક્કા ખાધા, તોય ના આવ્યો પાર
ચાલ—પામર નવ પીછાણે રે, મોટી હરીની માયા—વહેમે ૨
સાખી—ભુવા માત્ર ભીખ માગે, એતો માતાજીની મેહેર
વાઘરી સરવે વાડીઓ વાવે, એહું ખાય ઘેરે ઘેર
ચાલ—એવું જુવે નરનારીરે, તોય ગોવીંદ નવ ગાયા—વહેમે ૩
સાખી—કોણે કહ્યું ને કોણે સાંભલ્યું, જોતો નથી એની જાઈ
સોયના નાકામાં ગજરાજ નીકળ્યો, પુછડુ રહ્યું અટકાઈ
ચાલ—વાત નહી વીચારે રે, વેહેતા સાથે જાય વહેતા—વહેમે ૪
સાખી—સદગુરૂ સેવો તો જ્ઞાન બતાવે ખોલે બ્રહ્મ કપાટ
એ, વીના તો પાર ના આવે મટે ના જમ ઝપાટ
ચાલ—દાસ ચુનીલાલ કહે છેરે, ગુરૂ વીના જાશો વાહુયા—વહેમે ૫

———

(૩૬)

મારા રામ ગયા વનવાસરે—એ રાગ.

મારા સાચા સગા છો ગુરૂરાયરે, અરજી મારી ઉરમાં ધરો—ટેક
આપ વીનારે મારે નથી કંઈ આસરોરે (૨)
બીજે નથી, ઠરવાનું ઠામરે—અરજી૦ ૧
મીન નીરને આધારે રહે છે રે (૨)
જેમ ચકોરને ચંદ્ર શું કામરે—અરજી૦ .
લગની લાગી છે મને લટકાળા આપની રે (૨)
સામા પધારો મારા શ્યામરે—અરજી૦ ૩
મન મંદીરીઆમાં મોહન મહાલોરે (૨)
ત્યારે પામું વીસરામરે—અરજી૦ ૪
ભાવ સ્વામી મારી ભાવટ ભાગજોરે (૨)
કરજો સેવકની સ્હાયરે—અરજી૦ ૫ ૫
અપરાધો મારા ઉરે નવ લાવશોરે (૨)
ચુનીલાલ વંદે ગુરૂના પાયરે—
અરજી મારી ઉરમાં ધરો ૬

---

(૩૭)

રાગ ઉપરનો

મારા ઉરમાં વસ્યા છે ગુરૂ ભાવ રે
ભવમાં નહી આવું ફરી—ટેક—

ગુરૂજી વીનારે મારે, બીજું સૌ બાદલું રે
આઠે પહોર રટું નામ રે—ભવમાં નહી આવું ફરી ૧
ભાવ વીનાની જે ભકતી કરાય છે રે
તે તો ના આવે મારે કામ રે—ભવમાં નહી આવું ફરી ૨
જ્યાંરે જોઉં ત્યાં મારો ભાવ બીરાજે રે
એ વીના ઠાલો નહી ઠામ રે—ભવમાં નહી આવું ફરી ૩
જન્મ મરણુની મારી જોખમ ટાળી રે
મટી ગઈ તૃષ્ણા તમામ રે—ભવમાં નહીં આવું ફરી ૪
ભાવ સ્વામી વીના બીજું ના ભાવે રે
એ છે ઠરવાનું મારે ઠામ રે—ભવમાં નહીં આવું ફરી ૫
દાસ ચુનીલાલે દીલડામાં દરસ્યારે
અરસપરસ આઠો જામ રે—ભવમાં નહી આવું ફરી ૬

---

(૩૮)

સૈયાં દે જોરે દેદાર, સાહેબ દેજોરે દેદાર—એ રાગ.

દીજો દીલમાં દેદાર (૨) વીનારે દરસન બની બાવરી હેજી-ટેક
હાંરે વાડીરે ભેલાડી છે વાંદરે હેજી, ખીલ્યાં પુલડાં કરમાય (૨)
તેનીરે ચીંતા છેરે મુજને હેજી, ભાવ કરો
મારી સાહાય—વીનારે ૧
અધમ ઓધારણ ઓળખ્યા હેજી; શાસ્ત્ર પુરે છે સાખ (૨)
ભેખની ટેક નીભાવજો હેજી, લજ્યા રાખીને રાખ—વીનારે ૨

ભાવ ભરાંસે ઝુંતા હુય રે હેજી, બાંના બીરદ સંભાળ (૨)
દેદાર દરશન આપજો હેજી, દુઃખ વીયોગનું ટાળ—વીનારે ૩
ગદગદ કંઠે રે વીનવું હેજી, સુણજો ગરીબ નીવાજ (૨)
વીનારે વીલંબે આવજો હેજી, નહી તો જાશે
તારી લાજ—વીનારે ૪
વાટડી જોતી રે વાલમા હેજી, દેજો દરસન દાન (૨)
મન રે મંદીર માંહેથી મળો હેજી, ગાવું તારાં
ગુણગાન—વીનારે ૫
દયા રે કરીને મુજરંકને હેજી, જાણી પોતાનો બાળ (૨)
દીન ચુનીલાલની વીનતી હેજી, ભાવ સામુ રે ભાળ
વીનારે દરસન બની બાવરી હેજી ૬

(૩૯)

રાગ ઉપરનો

માર્યા શબદોના બાંણ (૨)
શબદને બાંણે હૃદય વીંધાયું હેજી—ટેક
હાંરે તીર તાકીને છોડીયું હેજી, વાગ્યું મને મનડાની માંય (૨)
મુર્છારે આવી છે મનને હેજી, ભુલ્યો સંસાર ત્યાંય (૨)
શબદ—૧
છુટી ગઈરે મન કલ્પના હેજી, થયો પીંડમાં પ્રકાશ (૨)
હું ને મારૂં રે મટી ગયું હેજી, સ્વામી સર્વા રે વાસ (૨)
શબદને—૨

સુરતી ચાલીરે સીધે મારગે હેજી, સુન્ય સીખરની માંહી (૨)
સત નામે સ્થીરતા થઈ હેજી, બીજે દીસે નાંહી (૨)
શબદને—૨

લુણ પુતળી સાગરમાં મળી હેજી, સરીતા સીંધુમાં સમાય (૨)
મન મહાપદમાં ગળી ગયું હેજી, જ્યોતે જ્યોત મીલાય (૨)
શબદને—૪

ભાવ સ્વામીની દયા થઈ હેજી, ભેટયા ગુરૂ ભગવાન (૨)
ચીન્તા ચુનીલાલની મટી હેજી, દીધું અભય વરદાન (૨)
શબદને બાંણે હૃદય વીંધીયું હેજી—૫

---

(૪૦)

ભજન

રાગ ઉપરનો

હંસા કાયાની ગાડીરે, આ તો કારમી હેજી
ગાડી અનગડ કહેવાય, (૨) ગાડીનાં કારીગર ન્યારો વસે હેજી
બાવન બારેરે પરખાય (૨)
ગાડીરે ચલાવી અનુભવ દેસમાં હેજી—ટેક.
હંસા નવરે નાડો ખોસી નદીઓ હેજી, તેમાં ત્રણ શ્રેષ્ટ ગણાય (૨)
ઈંગલા પીંગલા ને સુખમણા હેજી
તેના પુલરે બંધાય, (૨) ગાડીરે ચલાવી૦ ૧
હંસા જ્ઞાનની સડકો ચોડીયો હેજી
સુરતા નુરતા બે તાર (૨) શ્વાસાના સલેપાટ પાથર્યા હેજી
સુન્ય સીખર મોઝાર, (૨) ગાડીરે ચલાવી૦ ૨

હંસા ખટચક્ર સ્ટેશન રચ્યાં હેજી
તાર માસ્તર તેણે ઠામ (૨) નવ દ્વારે નવ બંગલી બની હેજી
દસમે સાહેબનો મુકામ (૨) ગાડીરે ચલાવી૦ ૩
હંસા કર્મ ઇંદ્રીયો, પોટર બની હેજી
જ્ઞાન ઇંદ્રીઓ સીપાઈ (૨) ચેતન નાયક ચોકી કરે હેજી
સતના સાંધા મેલાય (૨) ગાડીરે ચલાવી૦ ૪
હંસા અદલ શબ્દ ઘંટ વાગીયો હેજી
જ્ઞાન ટીકીટ થાય (૨) સદગુરૂ ટીકીટ આપતા હેજી
ગાફલ હોય તે અથડાય (૨) ગાડી રે ચલાવી ૫
હંસા મનરે ડ્રાઈવર ગાડી હાંકતા હેજી
બુદ્ધી ગાર્ડ લે તપાસ (૨) પ્રેમના પીસત્ા પલ વાગતા હેજી
નેક નેજા ઉડે રે આકાશ (૨) ગાડીરે ચલાવી૦ ૬
હંસા જીવ શીવ વેહેપારી ગાડીએ ઉતર્યા હેજી
કહું તેનો વેપાર (૨) પરંવરતી વરી જીવરાજેને હેજી
જન્મ મરણ વારંવાર (૨) ગાડીરે ચલાવી૦ ૭
હંસા શીવરાજે સત સંગ ઓરીયો હેજી
પરણ્યા નીરવતી નાર (૨) સતીને સંગે સત લોક ચાલીયા હેજી
અમરાપુરની મોજાર (૨) ગાડીરે ચલાવી૦ ૮
હંસા પાણીરે પવનનું ઈંજીન બન્યું હેજી
અન્નના કોયલા પુરાય (૨) ડબે ડબે દીવા બળે હેજી
જળ હુળ જયોતો જણાય (૨) ગાડીરે ચલાવી૦ ૯

હંસા ચૈતન્ય પુરૂષ આ દેસ આવીયા હેજી
સત સાહેબનો પરકાસ (૨) મુનષા દેહીનો ડબો ભડો હેજી
ગણાય પહેલો કલાસ (૨) ગાડીરે ચલાવી૦ ૧૦
હંસા અનુભવી પાસ મલ્યો હેજી
રોકનવાળા નહી કોય (૨) ચુનીલાલ કહે ગાડી પારખો હેજી
જન્મ મરણ નવ હોય (૨)
ગાડીરે ચલાવી અનુભવ દેસમાં હેજી ૧૧

---

(૪૧)

આરતી

જય સતગુરૂ દેવા, પ્રભૂ જય સતગુરૂ દેવા.
આરતી પ્રેમે ઉતારૂં, દરસન સુખ લેવા જય જય જય
ગુરૂ દેવા ૧
અખીલ બ્રહ્માંડ નીપાવ્યાં, આપની નીજ માયા
દયા દ્રષ્ટીથી નીહાળો, અવીચળ પદ પાયા—જય જય ૨
ભકત કારણ ભગવાંન, અવતાર તો ધરતા
અસુરને સંહારી, ભકતને સુખ કરતા.—જય જય ૩
વેદ વર્ણન કરી શકે નહી, રંક મતી મહારી
દોઈ કર જોડી વંદુ તનુ મન ઓવારી—જય જય ૪
સંસાર સમુદ્રની માંય, બુડતો ઉગાર્યો
નામને નાવે ચઢાવી, ભવસાગર તાર્યો—જય જય ૫

હરી ગુરૂ ભાવે ભેટ્યા, સેવક નીજ જાણી.
ચુનીલાલ મહેતા ગાવે, આરતી ઉલટ આંણી
જય જય જય ગુરૂ દેવા ૬

---

(૪૨)

આરતી.

જય અંતરજામી પ્રભુ જય અંતરજામી
આરતી કરૂં ઉમંગે (૨) સચરાચર સ્વામી જય-ટેક ૧
સ્થુળ સુક્ષમના જોગે, ચૈતન્ય પદ પાવે
અકળ કળા માંહી આપ બીરાજો, અનુભવી જન પાવે-જય ૨
પરાપાર પરીબ્રહ્મ બીરાજો, સૌને દીલ વસીયા
પ્રેમ તણા છો પ્યારા. દીસો રંગ રસીઆ-જય જય-૩
જાગ્રત સ્વપ્ન સસોપતી, તુરીયા તીત કહાવો
સરવેના સાક્ષીરૂપે, ભકતીથી ફળ પાવો-જય જય-૪
હે હરી હરકત હરજો, કરૂણા બહુ કરજો
અભય કીરણ આદરજો, ઉર અરજી ધરજો-જય જય-૫
ચુનીલાલ નીજ નામે, સુરતા લાગી છે
ઠાકોર ગામ નિવાસી, ભકતી માગી છે
જય. જય. જય ગુરૂદેવ—૬

(૪૩)

થાળ

જીવણ આવો જમવાને, રમશું રંગ ભરી રમવાને રે હો

અલબેલા છેલ છબીલા છોગાળા. એ—રાગ.

સત ગુરૂ સ્વામી આવ્યા છે. મારા તે મનને ભાવ્યા છે રે હો

દીન બંધુ રામ રંગીલા રૂપાળા—ટેક.

સોનાના પાટ બીછાવ્યા છે, ઉપર થાળ ધરાવ્યા છે રે હો

દીન બંધુ—૧

લાડુ જલેબી પુરી છે, બીરંજની સેર સારી છે રે હો

દીન બંધુ રામ—૨

સેવ રોટલી કીધી છે, ભાત દાળ કઢી લીધી છે રે હો દીન—૩

રીંગણાં પાપડી સુરતી છે, ભજીયાંની મહી પુરતી છે રે હો—૪

જળ જુમનાની ઝારી છે, લ્યો આચમન મંગળકારી છે રે—૫

લવંગ સોપારી એલચી છે, પાનની બીડી કીધી છે રે હો—૬

ચંદન પુષ્પના હાર ધરૂં, ચરણામૃતથી કામ સરૂ રે હો—૭

મંગળ મુરતીના દરશન કરી, ચુનીલાલની ત્યાં સુરતા

ઠરી રે હો. દીન બંધુ રામ રંગીલા રૂપાળા—૮.

---

(૪૪)

થાળ

જમો જમોને જુગદાધાર, જુગતે જમાડું—એ રાગ.

મારા મનગમતા મહારાજ, મારે ઘેર આવોને;

કરી રસોઇ બધી તૈયાર, દયા દીલ લાવોને—ટેક.

મેં તો હાળ્યા સોનાના પાટ, ઉમંગ આણીને;
મારા પ્રાણ તણા આધાર, સમર્થ જાણીને—૧
લ્યો લાડુ બન્યા છે સાર, સાકર વાળારે;
શેવ રોટલી છે તૈયાર, નંદના લાલારે—૨
બરફી પેંડાને કોપરાપાક, ખાજાં ખાવાને;
સુતરફેણી ને સાથે શાક, પીરશું માવાને—૩
કેરી કેરો બન્યો આચાર, કાચલી કાકડ છે;
લ્યો રાયતું છે તૈયાર, ઉપર પાપડ છે—૪
લ્યોને આચમન જુગદાધાર, નીર્મળ જળ ટાઢાં;
આપું મુખવાસ સોપારી પાન, ગંગેરી ધાડાં—૫
સીત પરસાદી મહારાજ, આપો નંદલાલા;
ઇચ્છે મહેતા ચુનીલાલ તે ડાકોરવાળા—૬

(૪૫)

થાળ

ચાલો સખી જમુનાં રેહો નાહાવા—એ રાગ.

ભોજન કરજો રે હો વહાલા, પ્રેમે પીરશું નંદના લાલા-ભોજન ૧
શીખંડ પુરી છે બહુ સારી, બરફી પેંડા માવા ધારી-ભોજન ૨
શેવ પરસુરીની હો કીધી, ઉપર ધારા ઘીની કીધી-ભોજન ૩
પુરણ પોળી જાતે કીધી, તેતો મારે વહાલે માગી લીધી-ભોજન ૪
ખીરંજ જોડે દુધ ખુબ પીજો, વધુ જોઇએ તો માગી લેજો-ભોજન ૫
શાક બહુ તરેહ તરેહનાં લીધાં, ભજીયાં રતાળુના કીધાં-ભોજન ૬

ભાતે સુખવેલનો ભાવથી લીધો, હાળમાં છુંક લવંગનો દીધો-ભો. ૭
વાવલાં ઢાળું ઉભી રહીને, મગન થઈ છું દરશન લઈને-ભોજન ૮
મુરતી મનમાંરે હો ધારી, નેત્રે ભરીને લીધા નીહાળી-ભોજન ૯
દાસ ચુનીલાલ નારે હો સ્વામી, ભાવે ભેટયા
અંતરજામી-ભોજન ૧૦

---

(૪૬)

રાગ થાળ.

ભોજનીયાં મન ભાવતાં લ્યોને માવા—એ રાગ.

જમવાને આવો સામળા રસ ભરીઆ—ટેક.

સોના થાળી મેં અજવાળી; પાટલા બન્ને જોડે ઢાળી;
દેગડી પાણી નહીં મેલું ખાલી રે—જમવાને. ૧
દુધપાક ને પુરી સારી, ભાવ કરીને જમો મોરારી;
સારી શોભે છે માવાની ધારી રે—જમવાને. ૨
શાક રાઇતાં તરેહ તરેહનાં, દાળ ભાતને કઢી બનેલાં;
પાપડ કાચલી બન્ને તળેલાં રે—જમવાને. ૩
સામી બેસી વાવલ ઢાળું, જમતાં પ્રભુનું મુખડું ન્યાળું;
શામળીયાનું સ્વરૂપ લાગે વાલું રે—જમવાને. ૪
આછમન લીધું મંગળકારી, મુખવાસ આપુ પાન સોપારી;
દાસ ચુનીલાલ તમ પર જાય વારી રે—જમવાને. ૫

---

(૪૭)

રાગ-ઉંચ પ્રભાત.

(સુખ દુઃખ મનમાં ના લાવીએ.—એ રાગ.

સત સંગત કરો ભાવથી, તજો કપટનાં કામ;
ભકતી કરો રે ભગવાનની, જપો જીભ્યાએ રામ—સત સંગત-ટેક
વાલ્મીકજીને સત સંગથી, મળ્યું ઉલટું નામ;
ઉંચ ગતી તે પામીઆ, થયું પુરાણુ કામ—સત સંગત ૧
ધ્રુવજીએ બાળા વેશમાં, તજ્યું ઘરને રે ગામ;
નારદજીના સંગથી પામ્યા અવીચળ ધામ-સત સંગત ૨
મહીમા મોટો છે રે નામનો, સમજે સંત સુજાણ;
સમજે તે હરીમાં સમે, વેદ વચન પ્રમાણ—સત સંગત ૩
જનમ મરણ દુઃખ ટાળવા, કરો સંતનો સંગ;
લક્ષ ચોરાસી ભમવું મટે, ચઢે ભકતીનો રંગ—સત સંગત ૪
હરી ગુરૂ સંતને સેવીએ, તો તો થઈએ નીહાલ;
ત્રીવીધ તાપ ટળી જશે, સત્ય કહે ચુનીલાલ—સત સંગત ૫

---

(૪૮)

રાગ પ્રભાત—(જળ કમળ છોડી જાને બાળા)—એ રાગ.

સત ગુરૂજીની સેવા કરી લે, માન કહ્યું તું મારૂં રે;
સેહેજે ભવસાગરમાં તરી લે, ભલું થાશે તારૂં રે—ટેક.
મનુષ્યા દેહીનો લહાવો લેવો, રામ ભજન કર ભાવે રે;
વણુશી જાતાં વાર ના લાગે, તને બીજો શું સમજાવે રે—સતગુરૂ ૧

લક્ષ ચોરાશી ફરતાં ફરતાં, મનુષ્યા દેહી હાથ આવ્યો રે;
હરીના ભજન વીના મુરખ મનવા, અવસર એળે
ગુમાવ્યો રે—સતગુરૂ. ૨
કાળ ખડો શીર ઉપર તારે, તેનો ભય નથી ધરતો રે;
મોહ જાળમાં ભુલ્યો અંધા, જુઠો અભીમાન કરતો રે—સતગુરૂ. ૩
મીથ્યા સુખને મોહી રહ્યો છું, કરતો મારૂં મારૂં રે;
હરી સંગાથે હેત ન કીધું, અંતે થશે અંધારૂં રે—સતગુરૂ. ૪
માટે જન ચેતીને ચાલો, હરી ભજન કર ભાવે રે,
ચુનીલાલ મહેતા ગુરૂ પરતાપે, અમરાપુરમાં જાવે રે—સતગુરૂ. ૫

---

(૪૯)

રાગ પ્રભાત:

(જળ કમળ છોડી જાને બાળા)—એ રાગ.

ગુરૂ વીનાનો ગોથાં ખાવે, મીથ્યાં ફાંફાં મારે રે;
સત્ય સ્વરૂપ શોધી ના જોયું, મનુષ્યા જન્મ તું હારે રે—ટેક.
કાશી, દ્વારકાં, હરદ્વાર કહીયે, ગંગા, જુમનાં નહાવે રે;
ગંગાજીની કાવડ લઈને શ્રી વૈજનાથને ચઢાવે રે—ગુરૂ વીના. ૧
સરવે તીરથ સંતોને ચરણે, તેની ગમ ના પાવે રે;
મક્કા મદીના હજ કર આવે, હરદમ તસબી ફીરાવે—ગુરૂ વીના. ૨
પાંચે બખતકી નીમાઝ ગુજારે, કુલ કુલ અલ્લાહ જપાવે રે;
રહેમ રહીમકુ સમજત નાંહી, મરઘી બકરી ખાવે રે—ગુરૂ વીના. ૩

પાક દીલ કર મુરસદ ખોજે, સંત સંગતમાં આવે રે,
હીંદુ મુસલમાન દોઉં દીન ભુલે, સતગુરૂ વીના ભરમાવે રે-ગુરૂ. ૪
સાચું તીરથ કીધું બોડાણે, રણછોડજી ઘેર આવે રે;
ચુનીલાલ મહેતા કહે કરજોડી, એવી લહે લાવે રે-ગુરૂ વીના. ૫

---

(૫૦)

રાગ-ધ્રુપદ.

ભકતી કર મન ભવ દુઃખ દુર પળે, ગુણ ગા ખુબ ખુલ્લે ઉંચે ગળે;
સત સત જુગમાં તપ જુગ બીજે, પ્રભુ પદ સેવા ત્રેતા જુગ ત્રીજે;
કળીમાં નામથી મોક્ષ મળે—ભકતી, ૧
નીરગુણ સીરગુણથી છે ન્યારૂં, ગુણ ભાવથી મન માન્યું મારૂં;
સંસે સઘળા દુર ટળે—ભકતી, ૨
સરવેમાં વ્યાપી કે સરવેથી ન્યારૂં, એક રૂપ ગણ્યું તારૂં તે મારૂં;
જ્યારે સુરતા ગુરૂ ચરણે વળે—ભકતી. ૩
ચુનીલાલ મગનલાલ છે મહેતા, તરવાડી મેવાડા ડાકોર રહેતા;
યજુરવેદમાં સાખા મળે—ભકતી. ૪

---

(૫૧)

રાગ-ઉપરનો.

મન ભજી લે સારંગપાણીને, પાણીને નીરવાણીને-મન.-ટેક.
સત ગુરૂ સમર્થ મુજને મળીયા, સંસે તાપ ત્રિવીધીના ટળીયા;
નરખ્યું નામ નીરવાણીને—મન. ૧

સીતારામ લક્ષ્મણ ભરત શત્રુઘન, ભક્તિ જોઈ થયું પરસન મન;
સ્વયંભુ સત રૂપા રાણીને—મન. ૨

ભકતીથી અધીક પદારથ નાહી, ભગવાન વસે છે ભકતની માંહી;
મટી જાય ચારે ખાંણીને—મન. ૩

ડાકોર માંહી વસે દાસ તારો ચુનીલાલ મહેતા યજુરવેદ વારો;
તરવાડી મેવાડો જાણીને—મન. ૪

મગનલાલ મેહેતા પીતાશ્રી મારા, અતી ઉપકાર સા ગુણ ગાઉં તારા;
ચુનીલાલ પર દયા આણીને—મન. ૫

(૫૨)

ભજન.

મન વાણીઆ રે તેં વણજ કરી ના જાંણી
કુડ કપટ બે ચેલકાંને અંતર ડાંડી પોલી
પાપ પુન્યનો પઈસો લઈને બેઠો હાટ માંડી
મન વાણીઆ રે—૧.

રાતો પઈસો રોકડો લીધો ઓછા તોલે તોળે
લુણ હમારી વાણીઆ તું કણુ ના સાચું બોલે
મન વાણીઆ રે—૨.

ઘરમાં તારી કપટ શેઠાણી હાં, પલ પલમાં સત ચોરે
સગાં વાહલાં તારાં લુણ હરામી અમૃતમાં વીખ ઢોળે
મન વાણીઆ રે—૩

જળમાં તુંહી સ્થળમાં તુંહી ઘટ ઘટમાં તું બોલે
કહેત કબીર સાહેબ સુણો ભાઇ સાધુ, ભવ સાગરમાં ડુલે
મન વાણીઆ રે તેં વણજ કરી ના જાંણી—૪

(૫૩)

સાખીઓ.

ચાર મળી ચોસટ ખીલી વીસ રહી કર જોડ
હમ તમ દોનું સરખા મલ્યાં, ખીલ્યાં સપ્ત કરોડ.

અર્થ—બે માણસની આંખ્યો ચાર, દાંત ચોસઠ, વીસ હાથની આંગળીઓ, સાત કરોડ રૂવાં (એક માણસનાં સાડા ત્રણ કરોડ રૂવાં ગણાય છે) એટલે

ચાર આંખ્યો મળે એટલે હસવું આવે, આનંદ થાય એટલે બે હાથ જોડી નમસ્કાર કરે. આવી રીતે બન્ને જણ ભેગા થતાં આખા શરીરના રૂવાં (વાળ) પણ ખીલી ઉઠે છે.

કોયડો.

હમ આવે તુમારે લીએ, તુમ મત આવો હમારે લીએ
જો તુમ આવો હમારે લીએ, તો બાહાર ખડા હે તુમારે લીએ.

દ્રષ્ટાંત તરીકે

મછીમાર મછીને કહે છે કે, હું તારે માટે આવ્યો છું, પણ તું મારે માટે આવીશ નહી. જો તું મારે માટે આવી જાળમાં ફસાઇશ તો હું તારે માટે બાહાર ઉભેલોજ છું.

—જ્ઞાનીનો અર્થ, જ્ઞાન રીતે સીદ્ધાંત—

સદગુરૂ કહે છે કે હમે જગતના જીવોને ચેતાવવા આવ્યા છીએ, પણ હે જગતના મનુષો તમો તમારે જ્ઞાન મેળવવું હોય તો આવો, નકામા આવશો નહી, અને જો નકામા આવશો તો તમારે માટે કાળ તૈયાર ઉભો છે.

સાખી

અબકે કહું નર નીપટ નઠારા. ભાવ વીનાજે ભદવા,
દેવળ દેરાં ફરે ફટારા, ખોટી થઇને ખદવા;
દેવળ દેરાંનું અફળ પુજન, જીવ વીના કોણ જાણે,
જ્ઞાનીનો સતસંગ તજીને, સું ઝળપો જળ પાણે.—૧
અરથ અછુના ભવમાં ભૂતા, એળે આયુષ ગુમાવે,
કુંભી પાક પડે તે નર, અંતે તેમાં સમાવે;
કેટલાક કાળ એમ નર્કમાં ભુકતા, લખ ચોરાસી નાંખે,
અનેકવાર અવતાર ધરીને, જુગજુગ યોની ઝાંખે.—૨
જયું તલમાં તેલ હે, જયું ચકમકમાં આગ,
તેરા પ્રીતમ તુંજમાં જાગી શકે તો જાગ્ય.—૩
ઉંચ કુલ કીસ કામકો જયાં નહીં હરીકો નામ,
તુલશી તાસેં સુપજ ભલો, જીસ મુખ હરીકો નામ.—૪

સાખીઓ

દો દો તરકસ બાંધકર સખી કહાવે સુર,
કામ પડે જબ દેખીએ કીસકા મુખપર નુર.—૫
પ્રેમ પીઆલા જે પીવે, શીશ દક્ષીણા દેય,
લોભી શીશ ના દઈ શકે, ને નામ પ્રેમકા લેય—૬
તીરથ ગયે એક ફળ, સંત મીલે ફળ ચાર
સદગુરૂ મળે અનેક ફળ, કહે કબીર વીચાર—૭
રૂપ રેખ જાકે નહી; અધર ધરે નહી દેહ.
ગગન મંડળ કે મધ્ય મેં, રહેતા પુરૂષ વીદેહ.—૮
અંતર યામી એકતું, આતમ કો આધાર,
જો તુમ છોડો હાથ કો, કોણ ઉતરે પાર.—૯
લેને કો હરી નામ હે, દેને કો અન્ન દાન,
તરને કો આધીનતા, બુડને કો અભીમાન.—૧૦
એક શબ્દ ગુરૂ દેવકા, તામેં અનંત વીચાર.
પંડીત થાકે મુનીજના, વેદ ના પાવે પાર.—૧૧
કર્મ ફાંસ છુટે નહી, કોટી કરો ઉપાય,
સદગુરૂ મળે તો ઉગરે, નહી તો પ્રલય જાય.—૧૨
માસ મછીયાં ખાત હે, સુરાપાન સે હેત,
તે નર નરકે જાય ગે, માતા પીતા સમેત.—૧૩
માંસ મછીયાં ખાત હે, સુરા પાનસે હેત.
તે નર જડસેં જાય કે, જેમ મુળાનું ખેત.—૧૪

સાખીઓ

પાવ પુજાવે બેઠકે, ભખે માંસ મદ દોય,
તીનકી દીક્ષા મુકતી નહી, કોટી નરક ફળ હોય.—૧૫
તલ ભર માંસ ખાય કે, કોટી ગાયો દે દાન
કાશી કરવત લઈ મરે, તોપણ નર્ક નીધાન—૧૬
બકરી પાલો ખાય છે, તેની કાઢે ખાલ,
જે બકરીને ખાય છે, તેનો કોણ હવાલ.—૧૭
મરગી મુલ્લાં સે કહે, જબહ કરતે હે મોહી,
સાહેબ લેખાં માગસે, સંકટ પડેગા તોહી.—૧૮
જોર કરકે જબેહ કરે, મુખસે કહે હલાલ,
સાહેબ લેખાં માગસે, તબ કોણ તેરી હવાલ.—૧૯
ગળા કાટી કલમા પઢે, કીયા હૈ કહે હલાલ,
સાહેબ લેખાં માગશે, તબહો કોણ હવાલ.—૨૦
ગળા ગુસ્સેકા કાટીએ, મીઆં કાળકું માર,
જો પાંચેકુ વસ કરે, તો પાવે જરૂર દેદાર.—૨૧
કહેતા હું કહી જાત હું, કહયા જો માન હમાર,
જીસકા ગળાતું કાટી હૈ, સો ફીર કાટી તુમાર.—૨૨
નર નારાયણ રૂપ હે, તુમત જાને દેહ,
જો સમજ તો સમજ લે ખલક પલકમાં ખેહ.—૨૩
સંત સીદ્ધકી એક મતી, સંત માહા પરચંડ,
સીદ્ધ તારે તન આપના, સંત તારે નવ ખંડ.—૨૪

સાખીઓ

માત પીતા સુત સ્ત્રી, બંધુ કુટુંબ કો જાન,
ગુરૂ દરશન કો જબ ચલે, એ અટકાવે આન.—૨૫
પ્રેમી ઢુંઢત મેં ફીરૂં, પ્રેમી મીલાના કોય,
પ્રેમી સેં પ્રેમી મીલે, તો ભકતી દ્રઢ હોય.—૨૬
જે ઘર પ્રેમ ન સંચરે, તે ઘર જાણુ મસાણ,
જેવી ધમણ લુહારની, શ્વાસ લે છે બીન પ્રાણ.—૨૭
પ્રેમ વીના ધીરજ નહી, વીરહ વીના વૈરાગ્ય,
સદગુરૂ વીના મટે નહી, મન મનસાનો ડાઘ.—૨૮
જ્યારે હું હતો ત્યારે ગુરૂ નહી, હવે ગુરૂ છે હું નાહી,
પ્રેમ ગલી અતીસાંકડી, તેમાં બે ન સમાઈ.—૨૯
જન્મ મરણથી રહીત છે, મેરા સાહેબ સોઈ,
બલીહારી ઉસ પીવકી, જેણે સરજ્યા સબ કોઈ.—૩૦
પીંડ પ્રાણ નહી તેમને, દમ દેહી નહી સીન,
નાદ બુંદ આવે નહી, પાંચ પચીસ ને તીન.—૩૧
મોંહ માથું જેનું નહી, નહી રૂપ કુરૂપ,
પુષ્પ વાસથી પાતળા, એવું તત્વ અનુપ.—૩૨
દેહી માંહી વીદેહી છે, સાહેબ સુરતી સ્વરૂપ,
અનન્ત લોકમાં રમી રહયા, જેનું રંગ નહીં રૂપ.—૩૩
રૂપ રેખ તેને નહી, અધર ધરે નહીં દેહ,
ગગન મંડળની મધ્યમાં, રહેતા પુરૂષ વીદેહ.—૩૪

જે સદ્‌ગુરૂનું શરણું ગ્રહે, તેને તેની લાજ;
ઉલટ મીન પાણી ચઢે, પણ વહયો જાય ગજરાજ.—૩૫
ઠાકોર પથ્થર, માળા લક્કડ, તીરથ છે સબ પાણી,
રાંમા મર ગયે, કૃષ્ણ મર ગયે, ચારો વેદ કહાણી.—૩૬
બ્રહ્મા વીશ્નું મુનેશ્વર મર ગયે, મરી ગઈ લાખો બાઈ,
ચુનીલાલ કહે છે ઉસકો સાધુ, કયું નહી પુજો
જાકો મોત ન આઇ.—૩૭



—: હરીભાઇનાં પદ :—

ગરબી.

(૧)

ધન્યરે ધન્યરે માહારાજ **ચુનીલાલ**
પસારો પ્રગટ કર્યો—ટેક.

ગામ ડાકોરમાં મુકામ ઠરાવ્યો
અવતાર બ્રાહ્મણ ઘેર ધર્યો—પસારો પ્રગટ કર્યો ૧
પુરણ પ્રેમ રહ્દય ધરીને
અંતર આત્મા લહયો—પસારો પ્રગટ કર્યો ૨
સરવ જાતનાં રંગ વાપરતાં
રાતો ગુલાબી રંગ ચઢયો—પસારો ૩
એમની છબી કોઈ સુરતામાં રાખો
ચુની સંગાતે લાલ જડયો—પસારો ૪
શુદ્ધ ભાવથી સમરણ કરી લ્યો
અમુલખ હીરલો જડયો—પસારો ૫
કર જોડીને કહે **હરીભાઈ**
ગુરૂ **ચુનીલાલે** શીર હાથ ધર્યો—પસારો પ્રગટ કર્યો ૬

(૨)

ગરબી.

સત ગુરૂનું ભજન તમે ભૂલશોના ભાઈ—એ રાગ

સુખે ભજોને તમે રામનેરે ભાઈ,

કાચી કાયા તો હવે—હાલવાની થઈ

હાથમાંથી ધન તારૂં જતું રહેવાનું, પુત્ર પાસેથી પછી લેવાશે નહી:

કાચી કાયા તો—૧

પગ પેડાં તારાં પડી જવાનાં, દેવ દરસને પછી જવાશે નહી

કાચી કાયા તો.—૨

ગળાનો ઘાટ તારો રોકાઇ જવાનો, ગોવીંદના ગુણ ગવાશે નહી

કાચી કાયા તો હવે—૩

કહે હરીભાઇ સત ગુરૂજીને ચરણે

આવા ચુનીલાલ મળવાના નહી-કાચી કાયા તો.—૪

---

(૩)

ગરબી

મને લાગીરે લટક ગુરૂ ચરણાંકી

ચરણાંકી રે ગુરૂ ભજનાંકી, રે

મને લાગીરે લટક ગુરૂ ચરણાંકી—ટેક

રામ નામ લેતાં પાપ કટત હે

ફોજ હઠે જમ રાજનકી, રે—મને લાગીરે ૧

બ્રહ્મ કપાળે તારે ખુલ્લે દરવાજે

કુચી દીધી ગુરૂ જ્ઞાનોકી, રે—મને લાગીરે ૨

દસે દ્વારાં ખુલ્લાં કરીને
મુરતી દેખે નીરંજનકી રે—મને લાગી ૩
કર જોડીને કહે હરીભાઇ
કીરપા ભઈ ચુનીલાલનકી—મને લાગી ૪

---

(૪)

ધોળ.

સતગુરૂ ડાકોરમાં શોભી રહ્યા
નામ કહેતાં માહારાજ ચુનીલાલ, મગનલાલના દીકરા-ટેક
ઉત્તમ કુળ મેવાડાનું જાણીને
ભાવદા માહારાજે કીધી છે મેહેર-મગનલાલના દીકરા—૧
પાયો પીઆલા પુરણ પ્રેમથી
ત્યારે જાણી અગમ ઘરની પેર-મગનલાલના દીકરા—૨
અજ્ઞાન અંધારૂં સર્વે દુર થયું
જોયું ત્રીકાળી જ્ઞાનનું ઘર-મગનલાલના દીકરા—૩
જન્મ મરણનો ભય ભાગીયો
ચયો રૂદીએ પુરો અભય-મગનલાલના દીકરા—૪
રંક સેવક ઉપર મેહેર કરજો
કર જોડી કહે હરીભાઇ મહારાજ ચુનીલાલને.—૫

---

(૫)

ધોળ.

તું તો સમરણ કરી લે સતગુરૂ સાહેબનું—એ રાગ.

સખીરે એક બેકરે ચંપો મોગરો,
ત્રીજા બહેકે મહારાજ ચુનીલાલરે-અવસર આવો નહીં આવે (૧)
સખીરે ભમરો મોહ્યા રે સુંદર મોગરે,
હું તો મોહ્યો મહારાજ ચુનીલાલરે—અવસર. (૨)
સખી રે ભમરાને વહાલો એક મોગરો,
મને વહાલા મહારાજ ચુનીલાલ રે—અવસર. (૩)
સખી રે પંદર બારીનું કાયા ગઢ છે,
દશે દ્વારે ચુનીનો ચમકાર રે—અવસર. (૪)
સખી રે ગુરૂને પરતાપે હરીભાઇ બોલીયા,
પંદરમી બારીએ બીરાજે ચુનીલાલ રે—અવસર. (૫)

---

(૬)

તું તો ભુલ્યો ભમેરે મન ભમરા, તું તો સાહેબ વીસારીરે બેઠો છે,
તું તો કરી રહ્યો ફુલ કેરી આશરે, ભુલ્યો ભમે રે મન ભમરા. ૧
સાહેબ છુપી રહ્યા છે કાયા ગઢમાં, કાયા ગઢ ખોલીને તમે
જુઓરે—ભુલ્યો. ૨
વાડી રૂપી તે જગત જાણુજો, સંસારી સુખને મોહ્યો રે-ભુલ્યો ૩
ફુલ ખીલ્યાં છે પરભાત પહોરનાં, નમને પહોરે કરમાઇને
થાશે બીડુ રે—ભુલ્યો ૪

પરભાત રૂપી તે જોબન જાણજો, વૃદ્ધપણું તે કહેવાશે નમતો
પહોર રે—ભુલ્યો. ૫

સતગુરૂ ચરણે હરીભાઇ બોલીયા. અંતરજામી ઓળખાવે
ચુનીલાલ રે—ભુલ્યો. ૬

(૭)

ધોળ.

(તું તો સમરણ કરી લે સતગુરૂ સાહેબનું)—એ રાગ.

હું તો નમું રે મહારાજ ચુનીલાલને,
મારા મનની મટી ગઇ ભ્રાન્ત—હું તો નમું રે. (૧)
મહારાજ બીરાજે જે ઘડીઆ તે સુન્યમાં;
રૂડું નામ ધરાવ્યું ચુનીલાલ—હું તો નમું રે. (૨)
ધન્ય ધન્ય રે માતાજીની વૃત્તિને,
ભલાં મણીબા ધરાવ્યું નામ—હું તો નમું રે. (૩)
જેમ લાલા શોભી રહ્યા હારમાં,
તેમ ચુની બીરાજે મંડીલ માંય—હું તો નમું રે. (૪)
લક્ષ રૂપી લાલ રે તમે જાણજો,
ચીતમાં શોભે ચુનીનો ચળકાર—હું તો નમું રે. (૫)
ગુરૂ પરતાપે હરીભાઇ બોલીયા.
ચુનીલાલ ઓળખ્યા સાક્ષાત—હું તો નમું રે. (૬)

(૮)

ધોળ—(રાગ ઉપરનો.)

મને રઢ લાગીરે ચુનીલાલની,
મારી ગઈ છે શુદ્ધ ને શાન—મને રઢ લાગી. (૧)
હું તો વીસરી ગયો રે કપલસાડીને,
મન મોહ્યું ચુનીની સંગાથ—મને રઢ લાગી. (૨)
મન ગોઠે નહીં કામકાજમાં,
દીન રાત રટું છું ચુનીલાલ—મને રઢ લાગી. (૩)
ગુરૂ **ચુનીલાલ** પરતાપે **હરીભાઇ** બોલીયા,
તારે ઓળખાવ્યું સત નામ—મને રઢ લાગી. (૪)

---

(૯)

રાગ ઉપરનો.

પુલવાડી, પુલવાડીરે, બહુ પુલી ફ્રજેતી પુલવાડી (૨)
પુલવાડી તારી કરમાઈ જાશેરે, બહુ પુલી ફ્રજેતી પુલવાડી. (ટેક)
ઝાઝી જુકતીથી વાડી બનાવી, માંહી વસે છે માળીરે—બહુ. (૧)
પે'લે પરભાતે વાડી ખીલી છે, પછીથી થઈ છે ખુવારી રે—બહુ.(૨)
પુલની ભરેલી વાડી ભેલાવા લાગી, માળીએ કીધી તયારીએ-બ.(૩)
હરીભાઇ સતગુરૂજીને ચરણે, **ચુનીલાલ**ની બલીહારી રે-બ. (૪)

---

(૧૦)

ગરબી.

આવોને કાનજી કાળા, ગોકુળ ગામ આવોને કાનજી કાળા;
કાન કાળા મોરલીયો વાળા, ગોકુળ ગામ આવોને કાનજી કાળા ટેક
મથુરાંથી ગોકુળમાં પધારો, મુકો ગોવાળીયાના ચાળા–ગોકુળ.(૧)
ગોકુળમાં ગોપી વાટ જુવે છે, મોતીયોની માળા વાળા–ગોકુળ(૨)
ગોકુળમાં આવી રાસ રમાડો, મામાને મારવા વાળા–ગોકુળ.(૩)
રાસ રમી ગોપી મહા સુખ પામી, ધન છે નંદજીના લાલા–ગો.(૪)
જે ઘડીયા તે સુન્યમાં વસીને, બતાવે કોને ચાળા–ગોકુળ.(૫)
કર જોડીને કહે **હરીભાઈ, ચુનીલાલ** ડાકોરવાળા–ગોકુળ.(૬)

---

(૧૧)

ધોળ.

મારે ઘેર આવ્યા સતગુરૂ દેવ, હું તો ઝબકીને જોવા નીસરીરે;
હૈયે હરખ ન માય, ઘેલી થઈ ગુરૂના નુરમાંરે.
ઘણા દીવસની ઉદાસ, ગુરૂ મળવાની આશ, જઈ પડી ગુરૂના ચરણુમાંરે
ગુરૂ મારો પ્રેમે પકડયો હાથ, ચાંપી રૂદીયા સંગાથ,
વારી જાઉં ગુરૂના નામનેરે.
ચંપો ચંબેલી ગુલાબ, ગુરૂજીને વધાવી લઉં લાભ;
આવો અવસર ફરી નહીં મલે રે.
ગુરૂ મારા આવ્યા મહાજમ રાત, સંવે સંતોની સંગાત.

આસન કીધાં હમારે બારણે રે.
ડાકોર મધે છે મુકામ, મહેતા ચુનીલાલ નામ;
બ્રાહ્મણ મેવાડાની નાતમાં રે.
સતગુરૂ મળીઆ ચુનીલાલ, લીધી સેવકની સંભાળ;
હરીભાઈ ઉંઘમાંથી જાગૃત થયો રે.

---

(૧૨)

ઘોળ.

જીરે સંત સમાગમ મીઠો છે,
અનુભવ કરતાં રે, અનુભવ કરતાં તે, સત્ય વરતાય;
સમાગમ મીઠો છે. ૧

જીરે અઘોર રજની સારી ઉંઘમાં ગઈ,
જાગી જોયું રે, જાગી જોયું તો જ્ઞાન વરતાય—સમાગમ. ૨
જીરે નીરવરતીને ઘેર બેસજો,
ત્યારે મળશેરે, ત્યારે મળશે સમાગમનો સ્વાદ—સમાગમ. ૩
જીરે પ્રેમ પીયાલો પુરણ ભરજો,
પોતે પીને રે, પોતે પીને, બીજાને પાવરે—સમાગમ. ૪
જીરે હરીભાઈ કહે રસ ચાખજો,
ચુનીલાલે રે, ચુનીલાલે પાયો મીઠો રસ—સમાગમ. ૫

---

(૧૩)

આઠ વાર—ધોળ.

પડવાની પડપ્રીત ઘટમટ ભૂલીરે—એ રાહ.

આદીતે આઠવાર કહું સાહેલી રે,
આ ભર જોબનની બહાર પીયુંજીએ મેલીરે.—૧
સોમે તે સ્વામી નાથ પર ઘેર મા'લેરે,
ના બોલે અમારી સાથ કહો કેમ ચાલેરે.—૨
મંગળે મારી સાથ નથી કોઈ સજનીરે,
કેમ એકલડાં રહેવાય કેમ જાય રજની રે.—૩
બુધવારે મારી બેન હું બહું જોતીરે,
ના મળે પીયુજીની જાત ફરૂં છું રોતીરે.—૪
બ્રહુસ્પતે ભણકાર ઘરમાં લાગેરે,
હવે નહીં ચાલે મારૂં જોર ચોદસ લા'ય લાગેરે.—૫
શુકરવારે શોકય મળી મને વસમીરે,
બેઠી સ્વામીજીની સાથ બારી હસમીરે.—૬
શનીએ સતગુરૂ સહાય મારી કરજોરે,
આ અનઘડ હરીયાની અરજ ઉરમાં ધરજોરે.—૭
ધન ધનરે મહારાજ ચુનીલાલ તમારી માયારે,
તમ પરતાપે આઠેવાર હરીભાઇએ ગાયારે.—૮

(૧૪)

આઠવારનું ઘોળ.

પઢવાની પડપ્રીત ઘટમટ ભુલી રે—એ રાહ.

આદીતે એકળ કળા સખી મેં જાણીરે,
નીત ઉઠી ગંગા ઘાટ ભરવા પાણી રે.
સોમે તે સજીઓ સો ચાલો વહેલીરે,
આ રાસે રમવા કાજ થઈ છું ઘેલીરે.
મંગળે મારી બેન મનડું ડોલેરે,
નહીં આવે શામળીયા લાલની કોઈ તોલેરે,
બુધે તે બીજી વાત સખી ના ગમેરે,
આ ડાકોરના મહારાજ રૂદીયે રમેરે.
બ્રહસ્પતે ભરૂંસો મુજને પડીયોરે,
આ સોનાની સળીયે કઠેરો જડીઓરે.
શુકરે સુરતા શામળીઆ શું લાગીરે,
આ રાખો ચરણામેં વાસ નહીં જાઉં આઘીરે.
શનીવારે સંદેશો મુજને કહેજોરે,
નહીં વીસરતાં મહારાજ રૂદીયે રહેજોરે.
નીરવરતી છે નાર હરીબાઇ દાસીરે,
મને મળ્યા ચુનીલાલ ડાકોર વાસીરે.

(૧૫)

તીથીઓ—ઢાળ.

સખી પડવે પ્રભુજી ઘેર આવોરે, સાથે વીરા લક્ષ્મણજીને લાવો
સામળીયા લાલજી વે'લા આવોરે—૧
સખી બીજે બીજ નવ જાણે રે, મન ગમતી તે મોજો માણેરે—સા. ૨
સખી ત્રીજે ત્રીકમજીને કાજેરે, મેં તો મેલી સંસારની લાજેરે—સા. ૩
સખી ચોથે ચેતવણી આપોરે, દાસીનાં દુઃખડાં કાપો—સા. ૪
સખી પાંચમે પ્રેમરસ પાજોરે, અબળાનો પાલવ સા'જો—સા. ૫
સખી છઠ્ઠે છબીલા શું કહીયેરે, ઉદાસી પણામાં રહીયે—સા. ૬
સખી સાતમે સુંધ્ય ગઈ મારીરે, ઝાઝું શું કહીયે તમને વનમાળી-સા૭
સખી આઠમે આ ઘર તમારૂંરે, અંધારે કરજો અજવાળું—સા. ૮
સખી નોમે તે નીરખીને જોતીરે. આંસુડાં પાલવડે લો'તી—સા. ૯
સખી દશમે દરશન દેજોરે, કુડ કપટ અમને કહેજો—સા. ૧૦
સખી એકાદશીએ જોતીરે, વધાવા લાવી હું તો મોતી—સા. ૧૧
સખી બારસે બીક ના ધરીયેરે, લોકડીયાં દેખીનાં ફરીયે—સા. ૧૨
સખી તેરસે ત્રીવીધી તાપરે. સતગુરૂજીને ચરણે માપ—સા. ૧૩
સખી ચઉદસે ચીંતા ગઈ સારીરે, રૂદીયે રાખો કુંજબીહારી—સા. ૧૪
સખી પુનમે પંદરમી બારીરે, આત્મા બીરાજે આસનવારી—સા. ૧૫
હરીભાઈ અરજ કરે તમારીરે, ચુનીલાલે મારી છે કટારી—સા. ૧૬

(૧૬)
ગરબી.

હાંહાંરે અંતરમાં આતમ ઓળખો આતમ ઓળખો.
પર આતમા જાણો સરખો, અંતરમાં આતમ ઓળખો આતમ ઓ.
પંચભુતની કાયા બનાવી, એમાં પુરૂષ એકને પરખો—અંતરમાં.
આરે સંસારની જુઠી ભરમણા, હે જુઠો જાણો માયાનો ચરખો—અં.
આરે અવસર મોઘા મુલનો આવ્યો, હે એને જતન કરીને નીરખો—અં.
લોભ મોહને દુર ખસેડો, હે મટાડો મનનાં શંકો—અંતરમાં.
પરવરતીને પ્રલે કરીને, હે નીરવતી સાથે સરખો—અંતરમાં.
નવસે નવાણું નદીયો ભરેલી, હે પરાની પારે પરખો—અંતરમાં
હરીભાઇને ચુનીલાલ સગીયા, હે સુન્યમાં આતમ ઓળખ્યો—અં.

---

(૧૭)
ધોળ.

સતગુરૂ કહેરે બોલતાને બુજવા—એ રાગ.

સખી મને વંદ્રાવન લઈ ચાલોરે લાલ.
વનમાં વાગેરે મધુરી મોરલીરે—વનમાં વાગેરે.
ભર નીંદ્રામાં ઝબકી ઉઠીરે,
કે મટી ગયું માયાનું અંધારૂંરે લાલ—વનમાં વાગે રે.
સખી હું તો તતબર તૈયાર થઇરે,
કે રમવા શામળીયાની સાથેરે લાલ—વનમાં વાગે રે.
સખી હું તો વંદ્રાવન ફરૂં એકલીરે,
કે પ્રભુ મળે તો આનંદ થાય હો લાલ—વનમાં વાગે રે.

સખી હું તો ભ્રમણાથી ભુલી પડીરે,
કે વહાલો મારો વસે પ્રેમીજનની પાસેરે લાલ-વનમાં વાગેરે.
સખી શું પાડ માનું ચુનીલાલનોરે,
અનઘડ હરીભાઇને આસરો તમારોરે લાલ-વનમાં વાગેરે.

---

(૧૮)

ગરબી

હાં હાંરે પ્રભુની ભણી પગ ભરીએ, પગ ભરીએ—ટેક.
કુડ કપટને દુર કરીએ,
દયા દીનતાની સાથે વરીએ—પ્રભુની ભણી.
નીત ઉઠી ગંગાજીમાં નહીએ,
પછી દેવ મંદીર ભણી વરીએ—પ્રભુની ભણી.
ચોખા ચંદનને પુષ્પ લઇએ,
પછી હાર પ્રભુને કંઠે ધરીએ—પ્રભુની ભણી.
પુર્ણ પ્રેમ રૂદેમાં ધરીએ,
પછી સામળાનાં દરશન કરીએ—પ્રભુની ભણી.
પ્રેમ ગુરૂ ચુનીલાલ કરીએ,
સુરતાઓ હરીભાઇ પર ધરીએ—પ્રભુની ભણી.

---

(૧૯)

ગરબી.

હાં હાંરે ભજનમાં હેતે હાલો હેતે હાલો—ટેક.

ટેક ગુરૂજીના નામની ઝાલો—ભજનમાં.

કાળ ક્રોધને દુર કાઢો, સતગુરૂના શબ્દો ઝાલો—ભજનમાં.

લોભ મોહનો બાંધો ભારો, કબુધ્ધીને મુળમાંથી કાઢો—ભજનમાં.

સમજ્યા વીના તમે મહાલો, એ તો બકરાં ચાવે પાલો-ભજનમાં.

પુરણ પ્રેમ રૂદેમાં ધારો, બાવન બહાર પરખાવાવાળો-ભજનમાં.

અનઘડ હરીયાની સામું ભાળો, ચુનીલાલના શબ્દો ઝાલો-ભજ.

---

(૨૦)

રાગ ચાલતી—ગરબી

વાટો જોઉં છું ગુરૂદેવરે મંદીરે આવો

ઉભી રહી કરૂં તમારી સેવરે મંદીર આવો.

સાખી

મંડપ રચાવું મારે આંગણેરે દીવડા મેલું દ્વાર,

સોના બાજઠ ઢાળું બેસવા;

ચાલ—રૂપેરી ચંમર શોભાકારરે-મંદીરે આવો.

સાખી

ચંદન ઘસાવું ચતુરાઈથીરે સોઢમ કસ્તુરી સાથ,

તીલક કરૂં ગુરૂ દેવને;

ચાલ—ચોખા ચોટાડું ભાલરે-મંદીરે આવો.

સાખી

કાચી કળીયોનાં ફુલ વીણાવુ રે ચોસઠ ગુંથાવું હાર.
પ્રેમે પહેરાવું ગુરૂ દેવને;
ચાલ—ગુલાબી ગજરો શોભાદારરે મંદીરે આવો.

સાખી

વીલંબમાં વેળા વહી જશેરે જાશે આજ કે કાલ,
પુરણ પ્રેમ રૂદે થયો ત્યારે,
ચાલ—**હરીભાઈ**ને મળીયા **ચુનીલાલ**રે મંદીરે આવો.

---

(૨૧)

મહીયારી

દાણલીલા.

સખી વંદ્રાવનની વાટે ગોવાલણ ઘેરી છે,
તું મોઘા મલાજાવાળી દાણીનું દાણ આલી દે;
તું કયા તે રાયનો બેટો રે ગાયના ગોવાળા,
તું રહેને મારાથી છેટો રે ગાયના ગોવાળા.

સાખી

ગોકુળની ગોવાલણીરે, મથુરાં મહી વેચવા જાય;
વચમાં કાનજી આડો પડયો, મારો પ્રીતેથી પાલવ સાયરે
ગાયના ગોવાળા.

સાખી

કીયા આહીરની બેટડી રે, શું છે તારૂં નામ;
મહી ગોરસનું દાણ નહીં આપે તો,પાછાં સીધાવો ગોકુળ ગામરે
મહીની મહીયારી.

સાખી

જખુભાનની બેટડી રે, છોટી રાધીકા મારૂં નામ;
ઘણા દીવસથી મહી વેચીએ, હજી નથી આવ્યું કોઇને ઠામરે
ગાયના ગોવાળા.

સાખી

મથુરાં મારૂં ગામડું રે, ગોકુળની ચારૂ ગાય;
હજુ નથી ઓળખતી મારા પિતા છે નંદરાય રે.
મહીની મહીયારી.

સાખી

નંદને ના વખાણીયેરે, આણુ ફેરવે કંસરાય;
તુજ સરખા ગોવાળીયા નીત્ય આંગણીયે ફેરા ખાયરે.
ગાયના ગોવાળા.

સાખી

ફેરાનાં ફળ લઇશું રે, શાને કરે છે શોર;
રાધીકા કારણ કાનજી રે, ચારે ગોકુળનાં ઢોર રે.
મહીની મહીયારી.

સાખી

વાંકા બોલ ના બોલીયે રે, આપીશ મહીનાં દાણ;
અબળા જાત છું આહીરની, જઇ જખુભાનને કરૂં જાણરે,
ગાયના ગોવાળા.

સાખી

ભખુ જાતનો ભરવાડ રે, રાખે બકરાં ને ગાય,
દુવે વલોવે ને છાશ પીયે, બીજું તેનાથી શું થાય રે.

મહીની મહીયારી.

સાખી

નાના સરીખા કાનજીરે, ના કરો વડાઈ,
નંદબાવા મારે નેહડે વસે છાશ પીયે છે દેવકી માઈરે.

ગાયના ગોવાળા.

સાખી.

રાધા વનમાં એકલી, કોઈ નથી તારી સાથ,
ઘણા દીવસથી ફરતો હતો આજે આવી છે મારે હાથરે.

મહીની મહીયારી.

કાંમણગારા કાનજીરે ચોર્યું મારૂં ચીત્ત,
વનમાં રાધા હારી બેઠી કાનજીની થઈ છે જીત રે,

ગાયના ગોવાળા.

મેલા મનના કાંનજીરે તમારે મારે નથી રીસ,
અંતરના પડદા ઉઘેડીઆ રાધા ઓળખી લેજો જુગદીશરે.

મહીની મહીયારી.

ડાકોરમાં **ચુનીલાલ** વસે, **હરીભાઇ** કપલસાડી માંહી,
બે મુકામ જાહેર બતાવું બાકીના મુકામ છે ત્રણ રે.

ગાયના ગોવાળા.

(૨૨)

ગરબી.

આવોને મુગટ ધારી, છબીલા કાન આવોને મુગટ ધારી.
ગોકુળમાં ગોપી ઘેલી ફરે છે, વાટો જુવે છે તમારી-છબીલા (૧)
ગોકુળથી વંદ્રાવન રૂડું, રાસ રમ્યાની બલીહારી-છબીલા (૨)
વંદ્રા તે વનમાં રાસ રમાડો, એમ કહે છે વૃજની નારી-છબીલા (૩)
પરવરતી પરવારીને બેઠી, એમ કહેછે નીરવર્તી નારી-છબીલા (૪)
કરજોડીને કહે **હરીભાઇ, ચુનીલાલ** પર જાઉં વારી-છબીલા (૫)

---

(૨૩)

ગરબી

તમે હાલો જઘડીઆ સ્ટેશન, ચુનીલાલની બલીહારી.
નીરમળ રાખોને સૌનાં મન—ચુનીલાલ. (૧)
રૂડી રીતે થાશે દરશન—ચુનીલાલ. (૨)
પાવન થાશે સર્વોનાં તન—ચુનીલાલ. (૩)
તમે થાવોને હરીજન—ચુનીલાલ. (૪)
પ્રભુજી થાશે પરસન—ચુનીલાલ. (૫)
કરી હરી ગુરૂ સંતે સહાય—ચુનીલાલ. (૬)
અનઘડ **હરીભાઈ** ગાય—ચુનીલાલ. (૭)

---

(૨૪)

રાગ ચાલતી—ગરબી.

આવે આવે ગોવાળીયાની સંગે રમતો
સંગે રમતોરે મારે મન ગમતો આવે આવે—ટેક.
ખંભે કામળીયોને હાથે લાકડીયો
ગોકુળની ગાયો પુંઠે ભમતો આવે આવે—૧
વંદ્રાવન વનની કુંજ ગલનમેં
મોરલીના સુરે મારૂં મન હરતો આવે આવે—૨
વંદ્રા તે વનમાં રાસ રચ્યો છે
દાણની કાજ ગોપીને દમતો આવે આવે—૩
ગુરૂ મહારાજે દયા કરી છે
હરીભાઈને ચુનીલાલ મન ગમતારે આવે આવે—૪

---

(૨૫)

થાળ.

પધારો લાલ પાવન કરવાને ઘર મારાં
પાવન કરવાને ઘર મારાં પધારો લાલ—ટેક
મારે આંગણીએ વાલા ચંપો રોપાવું
કાચી કળીઓનાં ફુલ સારાં પધારો લાલ—૧
બત્રીસ વાનીના વહાલા રસોઈ બનાવું
તેત્રીસ વાનીનાં શાક સારાં પધારો લાલ—૨
લવંગ સોપારી ને એલચી મંગાવું
કપુરી પાન છે સારાં પધારો લાલ—૩

કહેરે **હરીભાઈ** સત્તગુરૂ ચરણે
ચુનીલાલનાં દરશન સારાં—પધારો લાલ—૪

---

(૧૬)

થાળ.

કાંનજીને ઘેર્યો વંદ્રાવન ગોપીએ એ રાગ.

ચાલો સખી જઈએ વંદ્રાવન રાસમાં
સરખી સાહેલીયો વાટ જુવે છે ઉભી છે જુમનાં ઘાટમાં ચાલો–(૧)
ભાત સુકવેલનો સુંદીર બનાવ્યો
ઘીની વાઠી સંગાતમાં ચાલો–(૨)
પેંડા પતાસાંને ઘેબર ઘારી સેવ સુંવાળી સંગાતમાં ચાલો–(૩)
સુરણ રતાળાનું શાક બનાવ્યું ભાજી વીદુરની પાસમાં ચાલો–(૪)
આદા બીલીનું અથાણું લાવી દુધીનું રઈતું સ્વાદમાં ચાલો–(૫)
સોનાના થાળમાં સામગ્રી ભરી રેશમનો રૂમાલ સાથમાં ચાલો–(૬)
પુરણ પ્રીતે કાનને જમાડું થાળ રાખીશ મારા હાથમાં ચાલો–(૭)
આબખોરો અજવાળીને લાવી જળ ભરીશું જુમના ઘાટમાં–(૮)
કપુરી પાનની બીડી બનાવી એલચી લાવી પુરણ હેતમાં ચાલો–(૯)
કહે **હરીભાઈ** સત્તગુરૂ પ્રતાપે **ચુનીલાલ** રહે છે આનંદમાં–(૧૦)

---

(૨૭)

ભજન

ગુરૂ મારા ઘટમાં રમોને દીન રાત
ઘટમાં રમોને દીન રાત–ગુરૂમારા ઘટમાં રમોને દીન રાત.
કાચી કાયામાં વાસો પુરીને
નર નારીનો સંગાત —ગુરૂ મારા ઘટમાં—૧
કાચી કાયા રે ગુરૂએ. પાવન કીધી
ચૈતન થયાં રે નર નાર —ગુરૂ મારા ઘટમાં—૨
સરવે સ્થાને શાંન્તી રે થઈ
વરતાયો જય જય કાર —ગુરૂ મારા ઘટમાં—૩
કર જોડીને કહે હરીભાઇ
ચુનીલાલ ઓળખાયા સાક્ષાત
ગુરૂ મારા ઘટમાં રમોને દીન રાત—૪

---

(૨૮)

ભજન.

મનવો ફરે રે ઉદાશી, ગુરૂ વીના મનવો ફરે રે ઉદાસી–ટેક.
સતગુરૂ સમરથ મુજને રે મળીઆ,
નથી રાખીરે કાંઈ કાચી —ગુરૂ વીના મનવો—૧
કોઈ જાય મથુરાં કોઇ જાય કાશી
કોઈ સમરણ કરે છે દીન રાત —ગુરૂ વીના—૨

સતગુરૂ સેવીને પાવન થાજો ભાઈ
સીદ ભમો મથુરાંને કાશી —ગુરૂ વીના—૩
સમરથ ગુરૂ તમે રાખોને માથે ભાઈ
મટી જાય લક્ષ ચોરાસી —ગુરૂ વીના—૪
ચુનીલાલ પ્રતે કહે રે **હરીભાઈ**
નહી જાઉં મથુરાંને કાશી—
ગુરૂ વીના મનવો ફરે રે ઉદાશી—૫

---

(૨૯)

હું તો મોહ્યોરે મહારાજ ચુનીલાલ, બલીહારી તમારા નામને;
મને સુઝે નહીં રે કામકાજ, રટું છું પ્રભુના નામને—(ટેક).
સ્વપ્ના જેવો છે સંસાર, મોહ્યો તો માયા જાળને;
મને માર્યા જ્ઞાનના ઘાવ, હુટાવ્યા ક્રોધ કાળને–હું તો મોહ્યો રે ૧
કાયા કાચું બનેલું છે સ્થુળ, આતમ અમર જાણીને;
એનો વાસો કાયા ગઢ માંય, કરવા શુદ્ધ કામને—હું તો. ૨
લોભ મોહ કરે છે બહુ જોર, રોકીને આતમરામને;
મને વાગ્યાં શબ્દનાં બાણ, ઓળખ્યા ચુનીલાલને—હું તો. ૩
અનગડ કહે છે રે **હરીભાઈ** પ્રભુના ગુણ ગાઈને;
ગુરૂએ બતાવી સતની શાંન, કેળવણી **ચુનીલાલ**ની—હું તો. ૪

---

(૩૦)

મને મલ્યારે મહારાજ ચુનીલાલ, દુગધાયો મારી દુર થઈ;
અજ્ઞાન ખશી ગયું દુર, જ્ઞાન થયું અજવાળું—ટેક.
પરવરતીનું નહીં ચાલે જોર, નીરવરતી પટરાણી થઈ—મને. ૧
કાળ ક્રોધ થયા રે લાચાર, લાચાર પરવરતી થઈ;
પ્રેમનો થયો રે ઝળકાર, નીરવરતી બહુ રાજી થઈ—મને. ૨
મન અટકયું ચુનીની સાથ, ગરીબી માંહી ગ્રહણ થઈ;
મારી મટી ગઈ સહુ ઘાત, પ્રેમની સાથે વેલી થઈ—મને. ૩
ગુરૂ મલ્યા ગરીબ નવાજ, અનગડ કાયા ચેતન થઈ;
કર જોડીને કહે છે હરીભાઇ, કીરપા તો ચુનીલાલની થઈ-મને. ૪

(૩૧)

(કીતને ગયે જખ માર, ભજન બીના કીતને)--એ રાગ.

યુદ્ધ રચોને મજબુત, શુરવીરો તમે યુધ્ધ રચોને મજબુત.
ભેદુ ચુનીલાલને પૂછ, શુરવીરો તમે યુદ્ધ રચોને મજબુત--ટેક.
ચુનીલાલ સરખા ભેદુ મળે તો, રોકી ના શકે જમ દુત--શુરવીરો ૧
ભેદુ વીનાના યુધ્ધે જશો તો, કુટાઈને થાશો ભુત--શુરવીરો. ૨
રાજા દુર્યોધન ગયો રે દુવારકાં, પરણાવવા પોતાનો સુત--શુરવીરો. ૩
અજાણ્યો અભેમાન અરજુન સુત, ભેદુ મળેરે એડંબાનો
સુત-શુરવીરો. ૪
કરજોડીને કહે છે હરીભાઇ,ચુનીલાલ રચેરે મજબુત -શુરવીરો. ૫

(૩૨)

જ્ઞાની ઘોડો શણગારો, સંતો ભાઈ જ્ઞાની ઘોડો શણગારો—ટેક.
મહા રણમાં યુદ્ધ આરંભ્યું ત્યારે, શુરનો થયો છે રણકારો;
કાયર સરવે કંપીયા ત્યારે, યુદ્ધે ચઢે શુરવારો—સંતો ભાઈ. ૧
મહા રણમાં યોદ્ધા મારે છે, તેને જીતીને પાર પાડો;
ગરીબ બીચારી ગાય ઘેરાણી, તેનો કરોને ઉગારો—સંતો ભાઈ. ૨
શબ્દ શીરોઈ બાંનુ બંદુકો, ઝાલીને થાવ તૈયારો;
મન મારીને ઘોડો બનાવો, પછી જ્ઞાન ગોળીનો માર મારો.
સંતો ભાઈ (૩)
યુદ્ધ જીતીને પાર પહોંચીયા, પછી નથી રોકનારો;
કર જોડીને કહે **હરીભાઈ, ચુનીલાલ** ડાકોરવાળો;
સંતો ભાઈ, જ્ઞાની ઘોડો શણગારો—

---

(૩૩)

નામ કેળવીને સ્થીર કીધી, ધણીએ મારે નામ કેળવણીને સ્થીર કીધી
પાંચ તત્વની કાયા બનાવી માંહી, પચીશ નારી મુકી દીધી;
બહુ કારીગરી કાયાની કરી, નાભી કમળે જડી દીધી—ધણીએ ૧
કાચી માટીની કાયા બનાવી એની જુગતે જાળવણી કીધી;
ઘાટ સરવે તૈયાર થયો ત્યારે, પંદરમી બારી મુકી દીધી—ધ. ૨
નાભીથી ઓહંમ ઉઠીઓને, ત્રીકુટીએ તાળી લીધી;
શુન્ય શીખર પર આપ બીરાજે, દોરી પોતાને હાથ લીધી—ધ. ૩
કાયા ગઢ એણે છોડવા માંડયું ત્યારે, દશે બારી બંધ કીધી;

કાયા તરછોડીને જુદા થયા ત્યારે, પંદરમી બારી વાશી દીધી–ધ. ૪
હરી ગુરૂ સંતે કૃપા કરી ત્યારે, ભક્ત પદવી દીધી;
કરજોડીને કહે **હરીભાઇ, ચુનીલાલે** શાંન કીધી–ધણીએ ૫

---

(૩૪)

ભકતી શીરોયો કેરી ધાર, ભજન કર ભાવે—(ટેક)
ભજન ભકતીનું જોડું બનીને, સંત સમાગમો આવે;
સત સંગના ફળ મીઠાં લાગે, પેટ ભરીને ખાવે ભજન કર ભાવે ૧
કાળ ક્રોધને કાઢી નાખીને, મનવો ઠીક ઠરાવે;
પ્રેમ પ્રસાદી પુરણ પાવે, નીરવરતી ઘર આવે–ભજન કર ભાવે ૨
સંસાર સાગર મહા જળ ભરીયાં, કોઇ વીરલા પાર જાવે;
મહા બળીયા ગુરૂ ગમવાળા, સતની રાહે જાવે–ભજન કર ભાવે ૩
પ્રભુ પદ જેણે નયણે નીરખ્યું, તેની દુગધાયો દુર જાવે;
કહે **હરીભાઇ** સતગુરૂ ચરણે, **ચુનીલાલ** રાહયો બતાવે—
ભજન કર ભાવે ૪

---

(૩૫)

મેલીને હાલ્યો વણુઝારો, સુંદર કાયા—એ રાગ.

દલરે દરીયામાં દવ લાગ્યો, પ્રભુજી આતો દલરે દરીયામાં દવ લાગ્યો;
સારી રજની મેંતો ઉંઘમાં ગુમાવી, ચુનીને ચમકારે જાગ્યો–પ્ર. ૧
પરવરતી પલ્લવ પકડીને ઉભી, નીરવરતીનો નીસાસો લાગ્યો–પ્ર. ૨
પરવરતીને પડતીરે મુકી, નીરવરતી સંગે લાગ્યો–પ્રભુજી ૩

સાતમી બારીએ પરવરતીને મુકી, દશમી બારીએ જઈ લાગ્યો ૪
ત્રિકુટી તખત પર જોયું, સુખમણાએ ભાગ્યો–પ્રભુજી ૫
કહેરે હરીભાઇ સતગુરૂ ચરણે, ચુનીલાલનો રંગ લાગ્યો પ્ર. ૬

(૩૬)
રાગ ઉપરનો

મન મમતાને વારે, પ્રભુજી મારા મન મમતાને વારે (૨)
લોભ મોહને દુર ખસેડે, મુકતીના મારગ બતાવે—પ્રભુજી. (૧)
સંસાર સાગર સંપુર્ણ ભરેલો ભકતીના નાવે બેસાડે—પ્રભુજી.(૨)
સુરતા રૂપી સઢરે ચઢાવે, શબ્દ સુકાણું ઝલાવે—પ્રભુજી. (૩)
સતગુરૂ નામની શાંન બતાવી, ચુનીલાલ હરીભાઇને જગાડે.(૪)

(૩૭)
રાગ ઉપરનો

કાનુડો છે કામણગારો, જશોદાજીનો કાનુડો છે કામણગારો. (૨)
ગોકુળમાં જઇને વહાલે કામણ કીધાં, મીઠી મોરલીયોવાળો–જ.(૧)
ગોકુળની ગોપી વહાલે ઘેલી બનાવી, એવો એની મોરલીનો
ચાળો–જસોદાજીનો. (૨)
ગોરસનાં દાણ કાને હઠ કરી લીધાં, મહીરે માંખણનો ખાનારો. (૩)
વૃંદાવનમાં કાળા કાનજી બીરાજે, ગોકુળની ગાયો ચારનારો, (૪)
મથુરાંની વાટે કાનો હઠ કરી બેઠો, કાળી કામળીયોવાળો–જ. (૫)
ગુરૂ 'ચુનીલાલ'ના નામથી મોહ્યો હરીભાઇ કપલસાડીવાળો. (૬)

(૩૮)

રાગ ઉપરનો

વાટડી જોઉં છું તમારી, પ્રીતમ વહાલા વાટડી જોઉં છું તમારી. ટેક.
ઘણા દીવસની વીજોગવાળી, અરજો સુણજો હમારી—પ્રીતમ. (૧)
અબળાની અરજો ઉરમાં ધરજો, ગરૂડે કરજો સ્વારી—પ્રીતમ. (૨)
વંદ્રા તે વનની કુંજ ગલનમાં, મોરલીની ગત ન્યારી—પ્રીતમ. (૩)
આ તેડે ગંગાને પેલી તેડે જુમનાં, વચમાં છે ગીરધારી-પ્રીતમ. (૪)
કહેરે **હરીભાઇ** સતગુરૂ ચરણે, **ચુનીલાલ**ની બલીહારી-પ્રીતમ.(૫)

---

(૩૯)

રાગ ઉપરનો.

સતગુરૂ સાર બતાવો મુને, પાર ઉતારો મહારાજ બાલુ;
સતની રાચો બતાવો રે હોજી
આરે સંસારીયાનું સગપણ ખોટું ને, જુઠે જુઠાને ભરમાવ્યોજી;
મહા મસ્તાની માયા નાર ધુતારી, તેના ફંદામાં ફસાવ્યો—
મહારાજ બાલુ. (૧)
સંસાર સાગર અખંડ ભરેલો ને, તરસાને તલખાવો;
ખારા સમુદ્રમાં મીઠીરે વહેરી, અમૃત પીઆલો પાવો—
મહારાજ બાલુ. (૨)
લોભ મોહને દુર ખસેડીને, નીરવરતી ઘેર લાવો રે હોજી;
કાળ ક્રોધને કાઢીરે નાખીને, એક કીરતાર ઓળખાવો—
મહારાજ બાલુ. (૩)

હરી ગુરૂ સંતના ચરણ કમળમાં, હેતે હરીભાઇ આવ્યો;
ડાકોરવાળા મળ્યા 'ચુનીલાલ', ભુલ્યાને ભાળ બતાવ્યો—
મહારાજ બાલુ. (૪)

(૪૦)

અજર પીયાલો પાયો ચુનીલાલે, અજર પીયાલો પાયો ૨
સંસાર સાગર દુઃખનો ભરેલો ને હરીભાઇને ત્યાં સાહ્યો;
પીધો પીયાલો ને લાગી ચોટ ત્યારે, અનગડ હરીભાઈ ધાયો.—૧
દુઃખ સરવે દુર થયું ત્યારે, પુરૂષ એક નજરે આવ્યો;
એરે પુરૂષની સંગત થાતાં, ચુનીલાલે પાલવ સાહ્યો—ચુનીલાલે, ૨
નામ સાંભળી ચુનીલાલનું અજાણ્યો હરીભાઇ ધાયો;
આવતાં એમણે પાલવ સાહ્યો, સતની રાહે ચલાવ્યો—ચુનીલાલે. ૩
ગુરૂ મહારાજે મહેર કરી ત્યારે, તેમનો આસરો સાહ્યો;
મહારાજ ચુનીલાલે કીરપા કરી ત્યારે, હરીભાઇને
આતમ ઓળખાવ્યો;
'ચુનીલાલે' અજર પીયાલો પાયો—૪

(૪૧)

(પ્રભાત) જુના મારગ લ્યો જાણી મારા સંતો જુના.
ધનન ધનન ઘડીયાળાંરે વાગે ત્યારે, અનગડ હરીભાઈ જાગે.
ચુનીલાલ, શબ્દે રંગ લાગે રેજી.
કામ ક્રોધ બે દુર ખશે ત્યારે, લોભ-મોહ ઘર ત્યાગે રેજી,

નીરવરતીનો થયો પસારો, નીરવરતીનો હાં...
થયો પસારો ત્યારે, પ્રેમ પીયાલો માગે—ચુનીલાલ શબ્દે. ૧
પાંચ તત્વનો બંગલો બનાવ્યો ત્યારે, ત્રીગુણનો રંગ લાગે હેજી;
ઓહંગ સોહંગની સડક બનાવી, ઓહંગ સોહંગની હાં....
સડક બનાવી ત્યારે સુખમણા ઘર જઈ જાગે—ચુનીલાલ. ૨
ગુરૂ જ્ઞાનનું ઘરેણું ઘડાવ્યું ત્યારે, શાંન્તિ શણગાર માગે હોજી;
દશે દ્વારાં ખુલ્લાં થયાં ભાઈ, દશે દ્વારાં હાં...
ખુલ્લાં થયાં ત્યારે, પંદરમી બારી આતમ જાગે—ચુનીલાલ. ૩
હરી ગુરૂ સંતની સેવા કરી ત્યારે, ભાવ ભરૂંસો જાગે હોજી;
મહારાજ 'ચુનીલાલે' દયા કરી ભાઈ, મહારાજ ચુનીલાલે હાં....
દયા કરી ત્યારે હરીભાઇને સાચો રંગ લાગે—ચુનીલાલ શબ્દે ૪

---

(૪૨)

મજબુતની ખીલી જડી ચુનીલાલે મજબુતની ખીલી જડી (૨) (ટેક)
પંચ ભુતની કાયા બનાવી; માંહી જોવાની જુકતી મડી;
જોઈ જોઈને તરપત થયો ત્યારે અમુલખ વસ્તુ અડી—ચુનીલાલે. ૧
નાભી કમળે નીરખતાં તો વસ્તુ કાંઈ ના જડી;
પરવરતીનો પસારો જોઈને સુરતા પાછી પડી—ચુનીલાલે. ૨
આવક જાવક બે ભેગા થયા ત્યારે ત્રીકુટીએ તાળી પડી;
તાળીને શુરે ચઢીને જોતાં, અલબેલાની જગા જડી—ચુનીલાલે. ૩
ત્રિકુટી તખત પર જોયું ત્યારે, નાર એક નજરે પડી,
એક બીજીનો મેળાવો થાતાં, સુન્યમાં જઇને અડી—ચુનીલાલે. ૪

ગુરૂ મહારાજ મુજને મળીયા ત્યારે, પંદરમી બારી જડી;
કહે હરીભાઇ 'ચુનીલાલ'ને, શબ્દે સુન્યમાં સુરતા
અડી-ચુનીલાલે. ૫

(૪૩)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

ચાર મહીના ચોમાસુ આવ્યું રે સ્વામી બહારજો;
નદીઓ ભરેલાં સ્વામી પુરજો, ઉતરવાનો નહીં મળે આરોજો—
આશાઓ મુકોરે પરદેશની. ૧
ચાર મહીના શીયાળો શું કહુ સ્વામી વાતજો;
એકલડાં કેમ રહેવાય મોટી રાતજો, હલકેરી વાયેરે સ્વામી
ટાઢજો—આશાએ મુકોરે પરદેશની. ૨
ચાર મહીના ઉનાળો કેમ રહે એકલી નારજો;
આ અવસર ના આવે વારંવાર જો, શણગાર પહેરીને ફરવા બહારજો;
ઓ અબળા તું એવી હઠ ના કરતીજો, પળ એક ના રહું
પરવરતીની પાસજો;
ડાકોરના રહેવાસી ' ચુનીલાલ ' જો, પ્રેમથી પકડયોરે
હરીભાઇનો હાથજો—આશાઓ મુકોરે. ૩

(૪૪)

જળહળ બંબા ખડા ધારી, એવા સુન્ય મંડળમાં તંબુ તાણ્યા;
સુના નગર વસીયાણ કરતાં, નર એક નજરે આવ્યો રે;
શબ્દોનાં વાગેલાં મનડાં ઘાયલ થયાં રેજી.

એરે નરનો નાશ કરીને ઘર સારૂં વસાવો,
સુના નગર વસીયાણુ કરીને, લેજો મનુસા દેહ લાવો રે—શબ્દોનાં.
તોપ તમંચા દારૂ મંગાવોને, સામો ગોળીનો માર મારો;
એથી પાછો ના હઠે તો, સમશેરનો માર સારો રે—શબ્દોનાં.
મહા રણમાં વાજાં વાગે ત્યારે કેમ છુપે શુરવાળો;
સગાં સંબંધી આગળ આવે પણ, કોઈથી ન થયો ખારો રે—શબ્દો.
મહા રણમાં કેર મચાવ્યો ને વરતાવ્યો હાહાકાર;
શુરવીર સંગરામે ચઢયો નહીં, પાછો પગ ધરનારો રે—શબ્દોનાં.
એરે પુરૂષનો નાશ કરો, એને જીતી શકે ના કોઈ;
'ચુનીલાલ' ઘેરો ઘાલીને ઉભા, એની પુઠે હરીભાઈ—શબ્દોનાં.

---

(૪૫)

રામ રમેરે મારો હરી તો રમે—એ રાંહ.
નીરખો નેણાં મે મારો લાલ રમે,
લાલ રમે રે ગુરૂદેવ રમે રે—નીરખો.
હાથે આવેલો હીરલો પરખીને લેજો રે,
ફરી નહીં આવેરે વારો બીજો સમે રે—નીરખો.
ભર રે નીંદ્રામાં જેમ સ્વપનાં આવે રે,
જાગ્રત થયાને મન ચીંતામાં ભમે રે—નીરખો.
મોટેમો વાળા સરવે મોટેમ તજીયા રે,
સતના શુરવીરો ગુરૂના બાનાને નમેરે—નીરખો.
અરજ કરૂં છું ગુરૂદેવ તમોને રે;
વારે ચડો રે મારી વસમી સમે રે—નીરખો.

દેવીઓ વાળા જેમ દેવીને નમે રે;
અનગડ હરીભાઇ, ચુનીલાલનેનમે રે—નીરખો.

---

(૪૬)

ભજન ગમેરે તારૂં ભજન ગમે સીતાપતી રામ—રાગ
નહીમુકુંરે હું તો નહી મુકું, મારા મનના માનેલા ગુરૂ નહી મુકું
આ પુર્વેના સંસ્કારે સતગુરૂ મલીઆ રે,
આવ્યો અવસર હવે કેમ ચુકું રે—મારા મનના—૧
આ-ઘણા દીવસથી વીજોગ પેડેલા રે,
મળીઆ ગુરૂજી એના નામને જુકુ રે—મારા મનના—૨
આ-જ્ઞાનની ગુણો ગુરૂજી છોડીને બેઠા રે
નજરે નીહાળી હું તો જ્ઞાન લુંટું રે—મારા મનના—૩
આ સનમુખ બેસી ગુરૂજી સાન બતાવે રે,
શાને સમજીને કહું છું ઢુંકું રે—મારા મનના—૪
ચુનીલાલ પ્રતે કહેરે હરીભાઇ,
રૂદીઆ કમળમાં સુરતી ગુરૂની મુકું રે,
મારા મનના માનેલા ગુરૂ નહી મુકું રે—૫

---

(૪૭)

રાગ ઉપરનો

કહાંરે મુકુંરે હવે કહાં રે મુકું આવ્યો અમુલખ
હીરલો એને કહાં રે મુકું રે—ટેક
આ-કાયારે ઘડમાં ચોર ધુતારા રે
વીસી મુકું તો મારી સુરતા ચુકું રે આવ્યો—

આ—દીલની દાબડીમાં ભરીને રાખ્યો રે
બુદ્ધીની બારી મજબુત જડી રે આવ્યો....૨
આ —જુગતીથી જાળવણી કરીને રાખ્યો રે
પ્રેમ પેટારામાં મુકી ફરૂં રે આવ્યો—૩
સુરતાની સાંકળો સભર ચઢાવી રે
ગુરૂ ગામનું ઘર તાબે કરૂં રે આવ્યો—૪
દસે દવારે ધીર નથી રહેતી રે
પંદરમી બારીએ હીરલો મુકું રે આવ્યો—૫
કર. જોડીને કહે રે હરીભાઇ
ગુરૂ ચુનીલાલ શું હીરલો જડયો રે
અમુલખ હીરલો એને ત્યાંરે મુકું રે.

---

(૪૮)

ભજન

કાયાના ડુંગર ચઢી જુવો—સામા બેઠા હરી રે—એ રાગ

જ્ઞાની ઘોડે ચઢી જુવો, સામા દીસે ગુરૂ રે
રૂદીઆ કમળ ખોલી જુવો, દીસે રૂદીયા માંહી રે જ્ઞાની-૧
પાંચતો પરથમ જુવો. પચીસ પાંચની માંહી રે (૨)
ત્રણનો ટંકશાળ થયો, એકે હાથ લીધો રે જ્ઞાની—૨
રણના રણવટીયા તો શોભે રણની માંય રે (૨)
કાયરનું-ત્યાં કામ નથી. અંધારે અથડાય રે યાની—૩
અજાણ્યા હરીભાઇની ગુરૂએ કીધી સાહાય રે (૨)
મલીઆ ચુનીલાલ ફેરવ્યો દેસ માંય રે
જ્ઞાની ઘોડે ચઢી જુવો—૪

(૪૯)

ભજન

ગુરૂ મને દીયોને દેદાર, સાહેબ મુને દીયોને દેદાર
મુખડાં નીરખ્યાની મને હોંસ ઘણી હેજી.
ગુરૂ હું તો ભૂલેલો ભમું છું બધા ભવમાં હેજી
હવે નથી બીજો ઉપાય—નથી બીજો ઉપાય
મુખડાં નીરખ્યાની મને હોંસ ઘણી —હેજી-૧
ગુરૂ મારા પુરારે ભેદુ છો, તમે ભોમીયા હેજી
ભૂલેલાની લેજો સંભાળ (૨) મુખડાં નીરખ્યા-૨
ગુરૂ મારે પ્રેમની કટારીઓ વાપરી હેજી
વાગી મુને રૂદીયા મોઝાર (૨) મુખડાં નીરખ્યા-૩
ગુરૂ મારા રૂદીઆ છેદાયાં ભીતર ઘા પડયો હેજી.
હવે શો કરવો ઉપાય (૨) મુખડાં નીરખ્યા-૪
ગુરૂ મારા કાચીરે ઈંટોનો કાયા ગડ છે હેજી.
પકવીને કરો રે તૈયાર (૨) મુખડાં નીરખ્યા-૫
ગુરૂમારા અનગડ હરીભાની વીનતી હેજી.
ચુનીલાલ ઉતારો ભવપાર (૨) મુખડાં નીરખ્યા-૬

(૫૦)

સાખીઓ.

ચુની ઝળકે ચોકમાં, ચૉકસ ભર્યો ઉજીઆળ
સુરતા સુંદરીને સોહાવતાં, ઝળકયા ચુનીલાલ —૧
ગુરૂ મુખે મોતીઝરે, આઠે પહોર દીવસ રાત
હરીભાઇ ત્યાં મોતી વીણે. રહે છે ચુનીલાલની પાસ —૨

અનગડ હરીઆની વીનંતી તમે સુણજો ચુનીલાલ
મારી જાતી રંક છું, બાળકો કંઈ શાખ —૩
કન્યા બેઠી માંયરે, પકડી પીયુજીનો હાથ
અંતર પટ આડો ધર્યા, ના ઓળખ્યા સ્વામીનાથ —૪
સતગુરૂ સમરથ જાંણીએ, સાગર ભરીયો નીર
પુરણ ભાવે સેવજો, રાખો રૂદીએ ધીર —૫
રાખો રૂદીએ ધીર, હરીજન પાકો કરવો ખ્યાલ
આનું ગ્રહી બાઝશો, ત્યારે જડશે ચુનીલાલ —૬
હરીઓ અરજી કરે, તમે સુણજો ચુનીલાલ
મહાજળ બુડતો જાંણીને, ચઢજો મારી વાહાર —૭
હરીઓ ઉરમી સહી રહયો, રાખીને વિશ્વાસ
મહાજળ બુડતાં તારશે, એવા સમૃથ ચુનીલાલ —૮



સંપુર્ણ.

"ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં ઉત્તમરામ ઉમેદરામ રેશમવાળાએ છાપ્યો.
ઠેઠ હરીજ મંઝીલ જુની મુંબાઇ બેંક—સુરત.

